



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue- 35 | AD - 2025, Kartak Vad -03 | Saturday, Dt.08-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કમોસમી વરસાદથી ૪૨ લાખ હેક્ટરથી વધુ અને ૧૬ હજાર કરતા વધારે ગામમાં નુકસાની થઈ હોવાનો પ્રાથમિક અંદાજ

# રાજ્ય સરકારે પાક નુકસાની માટે રૂ. ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું

ગાંધીનગર,તા.૦૭



રાજ્યના ખેડૂતો માટે શુક્રવારનો દિવસ નિર્ણાયક સાબિત થયો. પાક નુકસાની માટે ૧૦ હજાર કરોડની રાજ્ય સરકારે જાહેરાત કરી છે. CM ભૂપેન્દ્ર પટેલે સમીક્ષા બેઠક બાદ નિર્ણય કરીને એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી હતી. કમોસમી વરસાદ અને કુદરતી આફતોને કારણે પાકને થયેલા ભારે નુકસાન બાદ સરકારે ખેડૂતોને રાહત આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે સાંજે અતિ મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવી હતી. જેમાં કૃષિ, મહેસૂલ અને નાણાં વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે કૃષિમંત્રી અને નાણામંત્રીએ ચર્ચા કરી હતી. ત્યારબાદ CM ભૂપેન્દ્ર પટેલે એક્સ પર પોસ્ટ કરી માહિતી આપીને પાક નુકસાની માટે ૧૦ હજાર કરોડની રાહત-સહાય પેકેજની જાહેરાત કરી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે x પર પોસ્ટ કરીને જણાવ્યું કે, ગુજરાતમાં ગત બે દાયકામાં ન થયો હોય એ પ્રકારનો અસાધારણ કમોસમી વરસાદ આ વર્ષે થતા રાજ્યના વિવિધ જિલ્લાના ખેડૂતોના પાકને મોટું નુકસાન થયું છે. કુદરતી આપત્તિની આ ઘડીમાં ધરતીપુત્રોની વ્યથાને સમજીને રાજ્ય સરકાર પૂરી સંવેદનાથી તેમની પડખે ઊભી છે. રાજ્યભરના ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાન સામે તેમની લાગણીને ધ્યાને રાખીને રાજ્ય સરકાર દ્વારા ધરતીપુત્રો માટે આશરે રૂપિયા ૧૦ હજાર કરોડના રાહત-સહાય પેકેજની જાહેરાત કરું છું. ખેડૂતો સાથે પ્રત્યક્ષ વાતચીત કરીને તેમની સ્થિતિ જાણી હતી. જિતુ વાઘાણીએ જણાવ્યું હતું કે સર્વેનો રિપોર્ટ મુખ્યમંત્રી સમક્ષ રજૂ થઈ ચૂક્યો છે. એસડીઆરએફનાં ધોરણો મુજબ ખેડૂતોને સહાય ચૂકવવા માટે કેન્દ્ર સરકારને જાણ કરવામાં આવી છે અને રાજ્ય સરકારના ભંડોળમાંથી પણ સહાય ચૂકવવાની વિચારણા ચાલી રહી છે. લગભગ ૪૨ લાખ હેક્ટરથી વધારે અને ૧૬ હજારથી વધારે ગામોમાં નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે. આ વખતે સૌરાષ્ટ્ર ઉપરાંત ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાંય ગામડાંમાં કમોસમી વરસાદ ત્રાટક્યો હતો. એને કારણે નુકસાન વધ્યું છે.

**રાજ્ય સરકારના રાહત પેકેજને દિલીપ સંઘાણીએ આવકાર્યું**

રાજ્ય સરકારે ખેડૂતોને થયેલ ખેતી પાકમાં નુકસાની બદલ રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ જાહેર કરતા ઇફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ આ રાહત પેકેજને આવકારી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને ખેડૂતોની વેદનાને સંવેદનામાં બદલવા બદલ આભાર માન્યો હતો.

**ખેડૂતોને પ્રતિ હેક્ટર ૨૨,૦૦૦ રૂપિયા મળશે**

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ ખેડૂતો માટેના રાહત પેકેજની વિગતો જાહેર કરતાં જણાવ્યું કે, 'કમોસમી વરસાદના કારણે રાજ્યના ૧૬,૫૦૦ ગામોમાં ખેડૂતોને ૪૪ લાખથી વધુ હેક્ટરના વાવેતરમાં નુકસાન થયું છે, જેમાં ૯,૮૧૫ કરોડ રૂપિયાનું પેકેજ છે. જેમાં કોઇપણ ખેડૂત જેને નુકસાન થયું છે તે બાકાત રહેશે નહી. આમ ખેડૂતોને પ્રતિ હેક્ટર ૨૨,૦૦૦ રૂપિયા બે હેક્ટરની મર્યાદામાં અપાશે.'

**લાંબા સમયથી રાહ જોતા ખેડૂતો માટે આ પેકેજ આર્થિક હૂંફરૂપ બનશે**

૭ નવેમ્બરે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ પણ કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. કૃષિ વિભાગ દ્વારા જે પંચકામ કરવામાં આવ્યું છે, જેમાં ખેડૂતોને કેટલું નુકસાન થયું છે એ જાણી શકાય એ માટે આ બેઠક કરવામાં આવી હતી. હવે આ બેઠક બાદ રાહત પેકેજની સત્તાવાર જાહેરાત સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવી છે. લાંબા સમયથી રાહ જોતા ખેડૂતો માટે આ પેકેજ આર્થિક હૂંફરૂપ બનશે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટના મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને ડીજીસીએને નોટિસ ફટકારી

ન્યુ દિલ્હી,તા.૦૭

સુપ્રીમ કોર્ટે સ્વર્ગસ્થ કેપ્ટન સુમિત સભરવાલના પિતા દ્વારા દાખલ કરાયેલી અરજી પર કેન્દ્ર સરકાર, ડીજીસીએ અને અન્ય લોકોને નોટિસ ફટકારી છે. જૂન મહિનામાં અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં સભરવાલ પાઈલટ-ઈન-કમાન્ડ હતા, જેમાં ૨૬૦ લોકો માર્યા ગયા હતા. સભરવાલે એર ઈન્ડિયા બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર દુર્ઘટનાની નિષ્પક્ષ, પારદર્શક અને તકનીકી રીતે યોગ્ય તપાસની માંગ કરી છે, જેની દેખરેખ નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટે કહ્યું, આ અકસ્માત થયો તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે, પરંતુ તમારે (પિતા) તમારા પુત્રને દોષિત ઠેરવવાનો બોજ ઉઠાવવો જોઈએ નહીં. કોઈ પણ વ્યક્તિ તેને (પાઈલટ) કોઈ પણ વસ્તુ માટે દોષી ઠેરવી શકે નહીં. ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું, ભારતમાં કોઈ એવું માનતું નથી કે તે પાઈલટની ભૂલ હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની બેન્ચે કેસની સુનાવણી કરી. અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને કહ્યું, હું તે વિમાનના કમાન્ડરનો પિતા છું. હું ૯૧ વર્ષનો છું. આ તપાસ સ્વતંત્ર નથી, જેટલી થવી જોઈતી હતી. ચાર મહિના વીતી ગયા છે. ન્યાયાધીશ કાંતે કહ્યું કે બીજો જોડાયેલ કેસ છે. અમે ૧૦મી તારીખે તેની સાથે સુનાવણી કરીશું. વકીલે કહ્યું કે બોઈંગ વિમાનો સાથે વિશ્વભરમાં સમસ્યાઓની જાણ થઈ રહી છે. નિયમ ૧૨ મુજબ, તપાસ નિષ્પક્ષ હોવી જોઈએ. અમારો કેસ અકસ્માત છે, ઘટના નથી. જસ્ટિસ કાંતે કહ્યું કે આ અકસ્માત અત્યંત દુઃખદ છે, પરંતુ પાઈલટના પિતાએ તેમના પુત્રને દોષી ઠેરવવાનો બોજ ઉઠાવવો જોઈએ નહીં. કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. જસ્ટિસ બાગચીએ કહ્યું કે પ્રારંભિક અહેવાલમાં પાઈલટ સામે કોઈ આરોપો કે સંકેતો નથી. એક પાયલોટે પૂછ્યું હતું કે, શું બીજાએ ફ્યુઅલ કટ-ઓફનો ઉપયોગ કર્યો? અને જવાબ ના હતો.

### વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીનો પ્રારંભ કર્યો

# 'વંદે માતરમ્'ના શબ્દો ભારતમાતાની આરાધના છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૦૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીનો પ્રારંભ કર્યો. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "વંદે માતરમ, આ શબ્દો એક મંત્ર છે, એક ઉર્જા છે, એક સ્વપ્ન છે, એક સંકલ્પ છે. વંદે માતરમ્, આ શબ્દો ભારત માતા પ્રત્યેની ભક્તિ છે, ભારત માતાની આરાધના છે. વંદે માતરમ્, આ શબ્દો આપણને ઈતિહાસમાં પાછા લઈ જાય છે, આપણા વર્તમાનને નવા આત્મવિશ્વાસથી ભરી દે છે, અને આપણા ભવિષ્યને નવી હિંમત આપે છે, એ જાણીને કે એવો કોઈ સંકલ્પ નથી જે પૂર્ણ ન થઈ શકે, એવું કોઈ લક્ષ્ય નથી જે આપણે ભારતીયો પ્રાપ્ત ન કરી શકીએ. આ સમયગાળા દરમિયાન, પીએમ મોદીએ કહ્યું, "ગુલામીના તે સમયગાળા દરમિયાન, વંદે માતરમ્ આ સંકલ્પની ઘોષણા બની ગયું, અને તે ઘોષણા ભારતની સ્વતંત્રતાની હતી. ગુલામીના બંધનો ભારત માતાના હાથે તૂટી જશે, અને તેના બાળકો પોતાના ભાગ્યના નિર્માતા બનશે." તેમણે વધુમાં કહ્યું,



"ગુલામીના સમયગાળા દરમિયાન, અંગ્રેજોએ ભારતને હલકી કક્ષાનું અને પછાત તરીકે દર્શાવીને તેમના શાસનને ન્યાયી ઠેરવ્યું; આ પહેલી પંક્તિએ તે પ્રચારને સંપૂર્ણપણે નાશ કર્યો." તેથી, 'વંદે માતરમ્' માત્ર સ્વતંત્રતાનું ગીત જ બન્યું નહીં, પરંતુ લાખો દેશવાસીઓને 'સુજલામ સુફલામ' (મુક્ત ભારત) નું સ્વપ્ન પણ રજૂ કર્યું, સ્વતંત્ર ભારત કેવું હશે તેનું. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, '૧૯૨૭માં મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "વંદે માતરમ્" આપણી સમક્ષ ભારતનું એક અખંડ ચિત્ર રજૂ કરે છે... સમય જતાં આપણા રાષ્ટ્રધ્વજમાં ઘણા ફેરફારો થયા છે, પરંતુ ત્યારથી આજ સુધી, જ્યારે પણ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, ત્યારે આપણા મોંમાંથી 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્' ના નારા આપમેળે નીકળે છે.






# ભારત કોઈપણ પડકારનો સામનો કરવા સક્ષમ બાંગ્લાદેશને રાજનાથસિંહે ચેતવણી આપી

ન્યૂ દિલ્હી,તા.૦૭



સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ દ્વારા બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન મોહમ્મદ યુનુસને સ્પષ્ટપણે ચેતવણી આપવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત કોઈપણ પડકારનો સામનો કરવાની ક્ષમતા ધરાવે છે. જોકે, ભારતની ઈચ્છા બાંગ્લાદેશ સાથેના સંબંધો તણાવપૂર્ણ રાખવાની નથી. આથી, તેમણે મોહમ્મદ યુનુસને વિચારીને નિવેદનો આપવાની સલાહ આપી છે. રાજનાથ સિંહે એવું પણ ઉમેર્યું કે ભારત બાંગ્લાદેશ સાથે કોઈપણ પ્રકારનો ટકરાવ કરવા માંગતું નથી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારતમાં દરેક પ્રકારના પડકારનો સામનો કરવાની ક્ષમતા છે, જોકે, ભારત પડોશીઓ સાથે તણાવપૂર્ણ સંબંધો જાળવવા માંગતું નથી. નોંધનીય છે કે, બાંગ્લાદેશમાં હસીના સરકારના તખ્તાપલટ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ તણાવ ઊભો થયો હતો.

શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ, નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. સત્તા પર આવ્યા પછી, તેઓ સતત ભારત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. તાજેતરમાં, તેમણે એક વધુ ઉશ્કેરણીજનક પગલું ભર્યું, જેમાં મોહમ્મદ યુનુસે પાકિસ્તાનના એક અધિકારીને એક વિવાદાસ્પદ આર્ટવર્ક ભેટમાં આપ્યું હતું.













# બાબરાના પીપરીયા-મોણપુર રોડને રિસર્ફેસીંગ કરવા સરકારે રૂ. ૨.૪૫ કરોડ મંજૂર કર્યા

બાબરા,તા.૦૭



લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના બળેલ પીપરીયા અને મોણપુર ગામને જોડતા અગત્યના માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૪૫ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરથી પસાર થતા પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રિસર્ફેસીંગ કરવા માટે રાજ્ય સરકારમાં રજૂઆત કરી હતી. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રિસર્ફેસીંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે. ધારાસભ્ય તળાવીયાએ આ અંગે જણાવ્યું હતું કે, “લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજ્ય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરું છું.”

# લીલીયા તાલુકાને ફાયર સેફટીની સુવિધા આપવા માટે માંગ

લીલીયા,તા.૦૭



લીલીયા મોટા આમ આદમી પાર્ટી દ્વારા લીલીયા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માટે ફાયર સેફટી સુવિધા આપવા મામલતદાર બળદેવભાઈ પટેલને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના પ્રમુખ વિજયભાઈ વિરાણી અને અરુણાબેન પંડ્યાની આગેવાનીમાં પાર્ટીના કાર્યકરોએ મામલતદાર કચેરીએ જઈને ફાયર સેફટીની સુવિધા મેળવવા માટે માંગણી પત્ર રજૂ કરેલ. આ પત્રમાં જણાવેલ કે લીલીયા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેણાંક, ખેતી, વાહનોમાં અવારનવાર આગજનીના બનાવો બને છે તેવા સમયે અમરેલી-સાવરકુંડલા સહિતના શહેરોમાંથી ફાયર સેફટીની સુવિધા મંગાવવી પડે છે, જે આવતા કલાકોનો સમય લાગી જાય છે જેના કારણે લોકોને ભારે મુશ્કેલી અને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે. આથી તાલુકાના લોકોને તાકીદે ફાયર સેફટીની સુવિધા આપવી જોઈએ. આ સાથે પાર્ટીના કાર્યકરોએ લીલીયા શહેરના જુદા જુદા વિસ્તારોમાં ગટર સમસ્યા તેમજ ઉભરાતી ગટરને લઈ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીની રૂબરૂ મુલાકાત કરી તાત્કાલિક ગટરની સફાઈ થાય તેવી રજૂઆત કરી હતી.

**જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, પરેશ ધાનાણી, જેનીબેન હુંમર સહિતના આગેવાનોની હાજરીમાં**

# લાઠીમાં દેવા માફીની માંગ સાથે કોંગ્રેસના ધરણા


લાઠી,તા.૦૭



અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદના કારણે થયેલા તમામ ખેતી પાકને નુકસાનનું વળતર ચૂકવવા અને ખેડૂતોના દેવા માફ કરવા અંગે કોંગ્રેસ દ્વારા જિલ્લામાં પ્રતીક ધરણા કરવામાં આવી રહ્યા હોય, ત્યારે શુક્રવારે લાઠી મુકામે મામલતદાર ઓફિસ સામે, દેવા માફી અને નુકસાનના વળતરની માંગ સાથે કોંગ્રેસના કાર્યકરોએ ધરણા યોજ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લાના કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, અમરેલી જિલ્લા મહિલા પ્રમુખ જેનીબેન હુંમર તથા લાઠી શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ ગોયાણી, નાનુભાઈ લાડોલા તથા મહેશભાઈ બોરીચાએ હાજરી આપેલ હતી. આ ધરણા કાર્યક્રમ પૂરો થતાં કોંગ્રેસના દરેક કાર્યકરો, ખેડૂતો સાથે મામલતદાર ઓફિસે આવેદનપત્ર આપેલ હતું. આ તકે પરેશભાઈ ધાનાણીએ ખેતી બચાવો સત્યાગ્રહ માટે ખેડૂતોને ઉલ્લેખીને કહ્યું હતું કે સરકારે સત્વરે લીલો દુષ્કાળ જાહેર કરવો, પાક નુકસાનનું વળતર આપવું અને સેટેલાઈટની માપણી રદ્દ કરવી, ખેડૂતોનું સંપૂર્ણ પાક ધિરાણ માફ કરવું જોઈએ. આ તમામ મુદ્દા અંગે લાઠી તાલુકા કોંગ્રેસ સમિતિમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યાં હતા.

# રાજુલા પ્રાંત કચેરી ખાતે રાષ્ટ્રગીત ‘વંદે માતરમ્’નું સમૂહગાન કરાયું

રાજુલા,તા.૦૭



સમગ્ર અમરેલી જિલ્લામાં રાષ્ટ્રગીત-વંદે માતરમ્ ઉજવવા બાબતે જિલ્લા કલેક્ટર દ્વારા જાણ કરવામાં આવેલ. જે અનુસંધાને રાજુલામાં પ્રાંત કચેરી ખાતે ઉજવણી કરવામાં આવી હતી. સ્વતંત્રતાની ચળવળ દરમિયાન રાષ્ટ્રગીત વંદે માતરમ્‌ના માધ્યમ દ્વારા રાષ્ટ્રચેતના અને માતૃભૂમિ માટેના ગર્વના એકસૂત્રના સંદેશ થકી સમગ્ર ચળવળ એક તાતણે બંધાઈ હતી. આ રાષ્ટ્રગીતના ૧૫૦ વર્ષો પૂર્ણ થયા હોય રાજુલામાં પ્રાંત કચેરી ખાતે ડેપ્યુટી કલેક્ટર સહિતના સમગ્ર સ્ટાફ દ્વારા તેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સ્ટાફ દ્વારા વંદે માતરમુના મૂળ સ્વરૂપનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. સાથે સાથે સ્વદેશી વસ્તુ અપનાવવાના અને કચેરી ખાતે સ્વચ્છતા રાખવા બાબતે પણ શપથ લેવામાં આવ્યા હતા.

# લીલીયાની સરકારી વિનયન કોલેજ ખાતે ‘વંદે માતરમ્’ રાષ્ટ્રગીતની ઉજવણી

લીલીયા,તા.૦૭



લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે NCC અને સામૂહિક સેવા ધારા દ્વારા દેશભક્તિનું સ્મરણ પર્વ “વંદેમાતરમ્ @૧૫૦” અને સ્વદેશી શપથની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયા ખાતે NCC અને સામૂહિક સેવા દ્વારા તા. ૦૭-૧૧-૨૦૨૫ ના રોજ કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડના નેતૃત્વમાં ડૉ.મહેશ એસ.ગઢિયા (ANO - NCC અને કો - ઓર્ડીનેટર સામૂહિક સેવા ધારા) દ્વારા દેશભક્તિનું સ્મરણપર્વ “વંદેમાતરમ્ @૧૫૦” તથા સ્વદેશી શપથની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી.

# અમર ડેરીમાં “વંદે માતરમ્”ના ૧૫૦મા વર્ષની ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૭



અમર ડેરી તથા અમર ડેરી સંચાલિત વિવિધ દૂધ મંડળીઓમાં શુક્રવારે સવારે ૧૦:૦૦ કલાકે રાષ્ટ્રગીત “વંદે માતરમ્” ના ૧૫૦મા વર્ષની ઉજવણી કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્વદેશી અને આત્મનિર્ભર ભારતના સંકલ્પનો પણ સામૂહિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં અમર ડેરીનાં ડિરેક્ટર કુ. ભાવનાબેન ગોંડલિયા દ્વારા વંદે માતરમ્‌ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ સમજાવવામાં આવીને જણાવ્યું કે આ ગીત બંકીમચંદ્ર ચટોપાધ્યાયે ૧૮૭૫માં રચ્યું હતું. ૧૮૯૬માં રવીન્દ્રનાથ ટાગોરે કોલકાતાના સત્રમાં પ્રથમ વખત તેનું નૃત્યગાન કર્યું હતું. વંદે માતરમ્ સ્વદેશી ચળવળનું મુખ્ય સૂત્ર બન્યું. ક્રાંતિકારી બાળગંગાધર તિલક, લાલા લજપતરાય, શહીદ ભગતસિંહ અને સુભાષચંદ્ર બોઝ જેવા ક્રાંતિકારીઓ માટે અખૂટ પ્રેરણાસ્ત્રોત સાબિત થયું. અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયાએ સંબોધન કર્યું કે, “રાષ્ટ્રને સમર્પિત ગીતો અને કાવ્યો વર્ષો જૂના હોવા છતાં આજે પણ પ્રેરણા આપે છે, આવા સર્જનો સદીઓ સુધી રાષ્ટ્રવાદ અને દેશભક્તિની ભાવના મજબૂત બનાવે છે. વંદે માતરમ્ માત્ર એક નારો નથી, પરંતુ એક મંત્ર, એક ઊર્જા, એક સપનું અને રાષ્ટ્રસેવાનો સંકલ્પ છે.” મેનેજિંગ ડિરેક્ટર ડો. આર.એસ. પટેલ દ્વારા આભારવિધિ થઈ હતી. આ પ્રસંગે અમર ડેરીના ડિરેક્ટર ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડિયા, જનરલ મેનેજર ડી.આર. રામાણી, મેનેજરો તથા ડેરીના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરુકુળમાં ૩૪૧મો વિનામૂલ્યે નેત્ર નિદાન યજ્ઞ યોજાયો

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલાના શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી દર માસના પ્રથમ શુક્રવારે યોજાતો વિનામૂલ્યે નેત્ર કેમ્પ શુક્રવારે શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની સ્મૃતિમાં યોજાયો હતો. આ ૩૪૧મા નેત્ર કેમ્પમાં વીરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૫૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી કુલ ૨૦ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન માટે વીરનગરની આંખની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવેલ. જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી તેમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે એ વસ્તુઓ પૂરી પાડવામાં આવી હતી. નેત્ર કેમ્પના યજમાન પદે મુંબઈના કીર્તિકુમાર ચંપકલાલ બોરડીયા રહ્યા હતા.

# માવઠામાં મગફળી પલળી જતા ખેડૂતે સાત વીઘાની મગફળીને સળગાવી રોષ વ્યક્ત કર્યો

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલા તાલુકાના શાંતિનગર ગામના ખેડૂતો કેશુભાઈ કાનાણી અને માવજીભાઈ કાનાણીએ માવઠાને કારણે પલળી ગયેલ મગફળીના પાથરાને સળગાવી નાખ્યા છે. ખેડૂતે સાત વીઘામાં મગફળી વાવી હતી પરંતુ કમોસમી વરસાદમાં તે પલળી જતા રોષે ભરાઈને તમામ મગફળીને સળગાવી રોષ વ્યક્ત કર્યો હતો. પલળેલી મગફળીને હવે ખેતરની બહાર કાઢવામાં પણ મજૂરી લાગતી હોવાથી ખેડૂતોએ કંટાળીને પાથરાને સળગાવી દીધા છે. આમ ખેડૂતે એક પ્રકારનો રોષ વ્યક્ત કર્યો છે. સતત વરસેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોની કમર ભાંગી ગઈ છે. ખેડૂતોનો જે ઉભો પાક હતો તે સાવ પલળી જતા ખેડૂતોને ખૂબ નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.








રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ની રચનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે

# રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રગીતનું સમૂહગાન કરાયું

અમરેલી,તા.૦૭

દેશની સ્વતંત્રતા ચળવળમાં પ્રાણ ફૂંકનારા બંકિમચંદ્ર ચટોપાધ્યાય રચિત રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ની રચનાને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ગરિમામય અવસરે સમગ્ર રાજ્ય સહિત અમરેલી જિલ્લામાં ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા પંચાયતના પ્રાંગણમાં આયોજિત જિલ્લા કક્ષાના સમારોહમાં કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રગીતનું સમૂહ પઠન અને ''સ્વદેશી અભિયાન'' અંતર્ગત શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લાના અધિકારીઓ અને કર્મયોગીઓને સંબોધન કરતા રાજ્યમંત્રી વેકરીયાએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્‌વાનના પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર રાજ્યમાં આજે 'વંદે માતરમ્'-૧૫૦ની દિવ્ય-ભવ્ય ઉજવણી થઈ રહી છે. 'વંદે માતરમ્' એ સામાન્ય નારો



નથી પરંતુ ક્રાંતિ મંત્ર છે, જેને બોલતાની સાથે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના હૃદયમાં દેશપ્રેમની ભાવના જાગી ઉઠે છે. 'વંદે માતરમ્' એટલે ભારત માતાને, આ દેશની માટીને નમન કરવાનો ભાવ. 'વંદે માતરમ્'એ માત્ર ગીત નથી પરંતુ ભારતની આત્માનો નાદ છે, અનંત ઉર્જાનો સંકલ્પ છે અને પવિત્ર ધ્વનિ છે.' આ પ્રસંગે મંત્રીએ કાર્યક્રમના સફળ આયોજન બદલ જિલ્લા વહીવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિતિ અધિકારીઓ અને કર્મયોગીઓએ રાષ્ટ્રગીતનું સમૂહ પઠન કર્યું હતું અને સ્વદેશી અપનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં સાંસદ અને જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ, વિવિધ સમિતિના અધ્યક્ષ, જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા, નિવાસી અધિક કલેક્ટર દિલિપસિંહ ગોહિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક કે.જે. જાડેજા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં શેરી નાટક દ્વારા લોકોને સોલારથી વીજળી અંગે જાગૃત કરાયા

સાવરકુંડલા,તા.૦૭

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના અમરેલી ડિવિઝન દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વીજળીના અનાવશ્યક વપરાશને ઘટાડીને ગ્રાહકોના વીજળી બિલને ઓછું કરવા તેમજ પર્યાવરણને અનુકૂળ અને આર્થિક રીતે લાભદાયી સોલાર પેનલ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી એક નવીન અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાનનો પ્રથમ તબક્કો સાવરકુંડલાના દેવળા ગેટ




વિસ્તારમાં ગૌશાળા પાસે આજથી શરૂ થયો છે, જેમાં સ્થાનિક લોકોને આકર્ષિત કરવા માટે શેરી નાટકો ભજવવામાં આવે છે.

આ શેરી નાટકો દ્વારા વીજળીના વપરાશને બુદ્ધિપૂર્વક નિયંત્રિત કરીને બિલમાં થતા વધારાને રોકવા તેમજ સોલાર પેનલ લગાવવાના લાભ અને પ્રક્રિયા વિશેની માહિતીને નાટ્યરૂપમાં રજૂ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, કંપની દ્વારા સોલાર પેનલ લગાવનારા ગ્રાહકો માટે યોજનાઓ અને સબસિડીની માહિતી પણ આ નાટકો દરમિયાન આપવામાં આવશે.

# ડો. પ્રવીણ તોગડિયા માવઠાથી અસરગ્રસ્ત ખેડૂતોની મુલાકાત લેશે

અમરેલી,તા.૦૭

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ તોગડિયા અમરેલી જિલ્લાના માવઠાથી પીડિત ખેડૂતોની મુલાકાત તા.૧૦/૧૧/૨૦૨૫-સોમવારે લેશે. સવારે લીલીયા તાલુકાના આંબા, હાથીગઢ, સાજણટીંબા, અંટાળીયા અને બાબરા તાલુકાના



લીમડીયા ગામની મુલાકાત લેશે. ગામના સુરત-અમદાવાદમાં વસવાટ કરતા ખેડૂતો-દીકરાઓ જેમની આર્થિક સ્થિતિ સારી છે તેઓ પોતાના વતનમાં નાના ખેડૂતોને આર્થિક સહયોગ રાષ્ટ્રીય કિસાન પરિષદ દ્વારા આપશે. ડો. તોગડિયા સાથે રાષ્ટ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. અમરેલી જિલ્લા પ્રમુખ જીલુભાઈ વાળા, નિલેશભાઈ ડાયાણી, જિલ્લા મહામંત્રી નટવરલાલ ભાતીયા, લીલીયા તાલુકાના પ્રમુખ રમેશભાઈ ભડકોલીયા, રાષ્ટ્રીય બજરંગદળ પ્રમુખ રમેશભાઈ વેકરીયા, કિસાન પરિષદના પ્રમુખ પ્રવિણભાઈ, પુનાભાઈ તોગડીયા વિગેરે આગેવાનો ઉપસ્થિત રહેશે.

# અમરેલી જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓએ રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું

અમરેલી, તા.૦૭

દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશની આઝાદી માટે ચેતના જગાવી હતી, તે 'વંદે માતરમ્' ગીતના ૧૫૦ વર્ષ પુરા થવાની ઉજવણીના ભાગરૂપે આજે અમરેલી જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીઓએ રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'નું સમૂહગાન કર્યું હતું, આ સાથે દેશહિતમાં સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સંકલ્પબદ્ધ પણ થયા હતા. ઉલ્લેખનીય છે કે, સને ૧૮૭૫માં રાષ્ટ્રીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ના માધ્યમ દ્વારા રાષ્ટ્ર ચેતના



અને માતૃભૂમિ માટેના ગર્વની એકસૂત્રતાના સંદેશ થકી સમગ્ર ચળવળ એકતાંતણે બંધાઈ હતી. જેના તા.૭મી નવેમ્બરના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયેથી રાષ્ટ્રગીતના સન્માનમાં વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી છે.

# સોલાર અંગે માહિતગાર કરવા ધારી વીજ કચેરી દ્વારા શેરી નાટક



ધારી,તા.૦૭

રાજ્ય સરકાર અને પીજીવીસીએલ કચેરી દ્વારા સોલાર મફત વીજળી યોજના હેઠળ લોકોને વધુમાં વધુ માહિતગાર કરી વધુ લાભ મળી રહે એ હેતુથી શેરી નાટક થકી જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવેલ જેમાં ધારી પીજીવીસીએલના ઈજનેર સાંગાણીના માર્ગદર્શન હેઠળ ધારીના નબાપરા વિસ્તારમાં નાટક ભજવવામાં આવ્યું હતું.

# જાફરાબાદથી ૬૦ નોટિકલ માઈલ દૂર ઈજાગ્રસ્ત ખલાસીનું રેસ્ક્યુ

જાફરાબાદ,તા.૦૭

જાફરાબાદથી ૬૦ નોટિકલ માઈલ દૂર મધદરિયે 'મહેશ્વરી સાગર' નામની બોટમાં ભીખુ નારણભાઈ નામના એક ખલાસી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.



ઈજાગ્રસ્ત ખલાસીને બચાવવા માટે કોસ્ટગાર્ડ દ્વારા તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. કોસ્ટગાર્ડે ઈજાગ્રસ્તને પ્રાથમિક સારવાર આપી હતી અને તેમને વધુ સારવાર માટે દરિયાકાંઠે લાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

**ખલાસીને સારવાર માટે દરિયાકાંઠે લાવવામાં આવ્યો**

# સાવરકુંડલાની કાણકિયા કોલેજનો તાલુકા કક્ષાએ વોલીબોલ ટુર્નામેન્ટમાં વિજય

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહે છે. હાલ ખેલ મહાકુંભની ટુર્નામેન્ટ ચાલી રહી છે, જેમાં સાવરકુંડલા તાલુકા કક્ષાની વોલીબોલ ટુર્નામેન્ટ શુક્રવારે રોજ કે.કે. હાઈસ્કૂલના ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ. જેમાં



તસવીર : સૌરભ દોશી

તમામ તબક્કાઓ સફળતાપૂર્વક પસાર કર્યા બાદ કાણકિયા કોલેજની ટીમે ફાઈનલ મેચમાં વંડાની પી. પી.એસ. હાઈસ્કૂલની ટીમ સામે જબરદસ્ત ટક્કર આપીને વિજેતા બની હતી. કોલેજના રમતગમત કમિટીના અધ્યક્ષ ડૉ. અર્જુનસિંહ પરમારનું સતત માર્ગદર્શન રહ્યું હતું. આ તકે કોલેજના પ્રિન્સિપાલ ડૉ.એસ.સી. રવિયાએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. વોલીબોલ ટીમમાં કેપ્ટન તરીકે દુબાણીયા હાર્દિક, વાઈસ કેપ્ટન ગોહિલ વૈભવ, ધારવાડીયા રોહિત, બારૈયા દિપ, સરવૈયા દિવ્યરાજસિંહ, ઉનાગર ધાર્મિક, પરમાર ઓમ, ખીમસુરીયા વિપુલ, ભાલીયા રોહિત, દાખડા પ્રકાશનો સમાવેશ થાય છે.

# વડીયામાં નવનિર્મિત મોંઘીબા કન્યા શાળાના બિલ્ડિંગમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

વડીયા,તા.૦૭

વડીયા ગામની મધ્યમાં આવેલી મોંઘીબા પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગના નિર્માણનું કામ હાલ પૂર્ણતાના આરે છે. ત્રણ માળના આ બિલ્ડિંગ બાબતે લોકમુખે ચર્ચાતી વિગતો મુજબ આ બિલ્ડીગમાં કોઈ સ્થાનિક આગેવાનોની દેખરેખ ના હોવાથી તેમાં ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાકટરના પાપે સમગ્ર બિલ્ડીંગના બાંધકામમાં બેદરકારી દાખવવામાં આવી રહી છે. આ બિલ્ડીંગમાં લાઈન-લેવલના કોઈ ઠેકાણા નથી. વીટ્રીફાઈડ સહિત ઉપયોગમાં લેવાયેલ



તસવીર : કિરીટ જોટવા

મટિરીયલ્સ નબળી ગુણવત્તાનું હોવાનો કચવાટ સ્થાનિક કર્મચારીઓમાં પણ સાંભળવા મળી રહ્યો છે. આ બાબતે જો તટસ્થ તપાસ કરવામાં આવે તો બિલ્ડીંગમાં થયેલ ભ્રષ્ટાચાર સામે આવે એવી ચર્ચા છે. આ બાબતે બાળકોના હિતને ધ્યાને રાખી સ્થાનિક આગેવાનો પણ અવાજ ઉઠાવે અને ઉચ્ચ કક્ષાએથી સ્થાનિક આગેવાનોને સાથે રાખી તટસ્થ તપાસ કરવામાં આવે પછી જ આ બિલ્ડીંગનું પેમેન્ટ કરવામાં આવે તેવી લોકોની માંગણી છે.

# અમરેલી જિલ્લામાં ઠંડીનો ચમકારો, રાત્રિના રસ્તાઓ સુમસામ

અમરેલી,તા.૦૭

અમરેલીમાં ધીમેધીમે તાપમાનનો પારો ગગડતા વહેલી સવારે અને રાત્રિના લોકો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે. ઠંડીનો ચમકારો થતા લોકોને ગરમ કપડા કાઢવાની ફરજ પડી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પવનના સુસવાટાનો લોકો અહેસાસ કરી રહ્યા છે. જો કે હજુ નવેમ્બર-ડિસેમ્બરમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. ત્યારે અમરેલી જિલ્લામાં ઠંડી વધતા લોકો તાપણાનો સહારો લેવા મજબૂર બન્યા છે. રાત્રિના સમયે રસ્તાઓ સુમસામ ભાસી રહ્યાં છે. ઠંડીનો ચમકારો થતા લોકો ચા-કાવાની ચુસ્કી મારી રહ્યાં છે.










# રાજુલા એસ.ટી.ડેપો ખાતે વંદે માતરમ્ના ૧૫૦ વર્ષની ઉજવણી

રાજુલા,તા.૦૭

રાષ્ટ્રગીત વંદેમાતરમ્ ૧૫૦ વર્ષો પૂર્ણ થયા હોય ત્યારે રાજુલા એસ.ટી. ડેપોમાં આજે રાજુલા એસ.ટી. ડેપો મેનેજરના આદેશ મુજબ આ વિશેષ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સ્ટાફ દ્વારા રાષ્ટ્રગીત વંદે માતરમ્ મૂળ સ્વરૂપનું સમૂહ ગાન કરવામાં આવ્યું


તસવીર : ગોપાલ રાઠોડ

હતું. સાથે સાથે સ્વદેશી વસ્તુ અપનાવવાના શપથ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ડેપોમાં સ્વચ્છતા રાખવા બાબતે પણ શપથ લેવામાં આવ્યા હતા અને પેસેન્જરોને જ્યાં ત્યાં કચરો ના ફેંકવા બાબતે સૂચના આપવામાં આવેલી હતી. તેમજ કચેરીનો સમય સવારના ૯:૩૦ થી સાંજના ૦૫.૩૦ સુધી રાખવાનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. સવારે ૯:૩૦ કલાકે રાજુલા એસ.ટી. ડેપો ખાતે સમગ્ર સ્ટાફ દ્વારા રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ હતું.

# બગસરામાં બસ બારોબાર જતી રહેતી હોવાથી મુસાફરોમાં રોષ

બગસરા,તા.૦૭

બગસરા એસ.ટી.ડેપોના જવાબદાર અધિકારીઓને વારંવાર રજૂઆત કરવા છતાં બસ માર્કેટીંગ યાર્ડવાળા રસ્તેથી જતી રહેતી હોવાથી મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે. રજૂઆત બાદ પણ હજુ સુધી યાર્ડવાળો રસ્તો બંધ ન થતા એસ.ટી.ડ્રાઈવરો માટે આ માર્ગ આશીર્વાદરૂપ બન્યો છે. બગસરામાં રસ્તાનું કામકાજ શરૂ હોવાથી બસ માટે માર્કેટીંગ યાર્ડવાળો રસ્તો ખોલવામાં આવ્યો હતો. જો કે હવે શહેરના તમામ માર્ગ પૂર્ણ થઈ જતા આ રસ્તો બંધ કરવા માટે ચેમ્બર ઓફ કોમર્સ, પેસેન્જર એસો. અને પાલિકા પ્રમુખે પણ રજૂઆત કરી હતી પરંતુ રજૂઆત બાદ પણ



આ માર્ગ બંધ કરવામાં આવ્યો નથી. બસ બારોબાર જતી રહેતી હોવાથી કુંકાવાવ નાકા, બંગલી ચોક, જીનપરા, હુડકો, ગોકુળપરા સહિતના વિસ્તારોના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બસ બારોબાર જતી રહેતી હોય અને બારોબારથી આવતી હોવાથી આ વિસ્તારોમાં જવા માટે મુસાફરોને રીક્ષાભાડાનો ડામ લાગી રહ્યો છે. આમ, ડેપોના જવાબદાર અધિકારીની ઢીલી નીતિને કારણે મુસાફરોમાં ભારે રોષ ફેલાયો છે.

# અમરેલીમાં માથાકૂટ કરી જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૦૭

અમરેલીમાં માથાકૂટ કરી જાનથી મારવાની ધમકી આપ્યાની ઘટના બની હતી. બનાવ અંગે અફસાનાબેન રહીમભાઈ પરમારા (ઉ.વ.૫૩)એ રીઝવાન ઉર્ફે બાડો, હનીફભાઈ કસીરી, જાવેદ કસીરી તથા અન્ય એક અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના દીકરા સાથે આરોપીઓને માથાકૂટ થતા આરોપીઓ તેમના ઘરે આવી તેમના પતિ સાથે માથાકૂટ કરી ગાળો આપી હતી. તેમજ તેના પતિને છાતીના ભાગે બે ઘુસ્તા માર્યા હતા. તેમજ તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમાનભાઈ યાસીનભાઈ કાઝી વધુ તપાસ કરી રહ્યા છે.

**શહેરના બાકી રહેલા મોટાભાગના સીસીરોડને આવરી લેવાયા**

# બગસરા પાલિકા દ્વારા રૂ.૪ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરાશે

બગસરા,તા.૦૭

બગસરા નગરપાલિકા દ્વારા આવનારા સમયમાં રૂા.૪ કરોડના ખર્ચે સીસીરોડ અને રૂ.૨.૦૫ કરોડના ખર્ચે પ્રોટેકશન વોલનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં મોટાભાગના સીસીરોડ બનાવવામાં આવશે. રૂા.૪ કરોડના વિકાસકામો અંગે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી નવા સ્વામિનારાયણ મંદિર પાસેનો વિસ્તાર, ધારી બાયપાસ પાસે શ્યામભૂમિ વિસ્તાર, કોળી સમાજની વાડી પાછળ, બાલાજી રેસીડેન્સી, સાતલડી રિવરફ્રન્ટ, માતૃભૂમિ સોસાયટી સહિત ૧૧ વિસ્તારોમાં સીસીરોડ બનાવવામાં આવશે. આ સીસીરોડ બનવાથી લોકોની હાલાકીનો અંત આવશે સાથોસાથ નદીપરા રામબાગથી પુલ સુધી અને નૂતન સ્વામિનારાયણ મંદિરથી એસ.ટી.પી. પ્લાન્ટ સુધી રૂા.૨.૦૫ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ બનાવવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પુરી થઈ ગઈ છે જો એક જ કંપની ક્વોલીફાઈડ થશે તો પાલિકા દ્વારા તાત્કાલિક ફરી રિટેન્ડરીંગ પ્રક્રિયા કરવામાં આવશે. લોકોને સારી સુવિધા મળે તે માટે પાલિકા કટીબધ્ધ છે તેમ અંતમાં પાલિકા પ્રમુખે જણાવ્યું હતું.

# ધારીના વીરપુર ગામે પતિએ પત્નીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૦૭

ધારીના વિરપુર ગામે એક પતિએ તેની પત્નીને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે સોનલબેન દિલીપભાઈ દાફડાએ પતિ દિલીપભાઈ ઉર્ફે ભરતભાઈ ખોડાભાઈ દાફડા, ખોડાભાઈ ગોવિંદભાઈ દાફડા, હિતેષભાઈ ખોડાભાઈ દાફડા તથા રમીલાબેન ખોડાભાઈ દાફડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને તેના પતિએ ગાળો આપી મારામારી કરી હતી. ઉપરાંત શરીરે મુંઢ ઈજા કરી હતી. સસરાએ પણ તેમને ગાળો આપી હતી. જ્યારે દિયરે મારકૂટ કરી હતી અને સાસુએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશન એએસઆઈ એન.બી. માઢક બનાવ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# શેઢાવદર ગામના હદ વિસ્તારમાં બોલેરોએ ટુવ્હીલ ચાલકને અડફેટે લીધો

**લીલીયા પોલીસે વધુ તપાસ હાથ ધરી**

લીલીયા, તા.૦૭

લીલીયાના શેઢાવદર ગામના હદ વિસ્તારમાં નદીના પુલ પાસે રોડ ઉપર ગોળાઈમાં બોલેરો ચાલકે ટુવ્હીલ ચાલકને અડફેટે લીધો હતો અને ઈજા કરી હતી. બનાવ અંગે વિજયભાઈ પ્રભાશંકરભાઈ મહેતા (ઉ.વ.૪૭, ધંધો. એસ.આર. પી.એફ. ગૃપ-૨૧ બાલાની વાવમાં કોન્સ્ટેબલ રહે.રાજુલા ૬૬ KV સબ સ્ટેશનની બાજુમાં ગોકુલનગર પ્રગટેશ્વર મહાદેવ મંદિર તા.રાજુલા જી.અમરેલી) એ બોલેરો નં.GJ-૧૪-X-૦૨૪૨ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાનું મોટરસાઈકલ ચલાવી શેઢાવદર ગામેથી નાના લીલીયા જવાના રોડ ઉપર નદીના પુલ પાસે પહોચતા ગોળાઈમાં એક માલવાહક બોલેરો રજી. નં.GJ-૧૪-X-૦૨૪૨ ના ચાલકે તેમના મોટરસાઈકલ સાથે બોલેરો વાહન ભટકાવ્યું હતું. જેમાં તેમને જમણા હાથની હથેળી તથા જમણા પગે ગોઠણે ફ્રેક્ચર તથા શરીરે અન્ય ઈજાઓ પહોંચી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના કંટાળા ગામે આયશર ચાલક યુવકને ટક્કર મારીને ફરાર થઈ ગયો

**ઈજા પામનારે આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી**

ખાંભા, તા.૦૭

ખાંભાના કંટાળા ગામે અકસ્માત આયશર ચાલક એક યુવકને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે નારણભાઈ જીવાભાઈ સરવૈયા (ઉ.વ.૫૦) એ આઈશર વાહન આર.ટી.ઓ. રજી નં.GJ-૨૩-AW-૩૧૬૩ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ઈજા પામનાર ગામમાં ઘાસચારો લેવા ગયેલ હોય તે દરમ્યાન કંટાળા ગામના કાળુભાઈ સોલંકીની ઘંટીના ઘાણા પાસે પહોચતા આરોપીએ પોતાના હવાલાવાળુ મરૂન કલરનું આયશર બેફીકરાઈથી અને માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી તેમની સાથે અથડાવ્યું હતું. ઈજા પામનારને માથાના ભાગે ટાંકાની ઈજા કરી સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

# ચલાલા નગરપાલિકા ખાતે વંદે માતરમ્ ગાનની ઉજવણી કરવામાં આવી

**ધારાસભ્ય જે.વી.કાકડીયા, અતુલ કાનાણી સહિતનાઓ હાજર રહ્યા**

ધારી,તા.૦૭

ચલાલા નગરપાલિકા ખાતે વંદે માતરમ્ રાષ્ટ્રગીતના ૧૫૦ વર્ષ પૂર્ણ થતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, પાલિકા પ્રમુખ ભયલુભાઈ વાળા,



જયંતિભાઈ પાનસુરીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. સરકારની સૂચના અને માર્ગદર્શન હેઠળ નગરપાલિકાના ચીફ ઓફિસર હરેશભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલિકાના કર્મચારીઓ તેમજ સદસ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૦૮-૧૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૨,
સૂર્યાસ્ત-૦૫:૫૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષ

## દૈનિક રાશિફળ

તા.૦૮-૧૧-૨૦૨૫ શનિવાર

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે.

વૃષભ: આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે.

મિથુન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપતી વખતે થોડી અસુવિધા થઈ શકે છે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ: કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. તમને શાસક સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

કન્યા: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા: ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે.

ધન: વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

મકર: લવમેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો.

કુંભ: ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે.

મીન: તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે.

# ધારીમાં મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત પ્રાંત અધિકારીએ પત્રકારો સાથે બેઠક યોજી

**પ્રાંત અધિકારીએ મતદાર સુધારણા કાર્યક્રમની વિસ્તૃત ચર્ચા કરી**

ધારી,તા.૦૭

પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત લોકોને કોઈ ગેરસમજ ઊભી ન થાય તેમ જ સુનિશ્ચિત મતદારયાદી બને તે માટે પત્રકારો



સાથે એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારી તાલુકાના તમામ પત્રકારો હાજર રહ્યા હતા. મિટિંગમાં એસ.આર. આઈ.એફ. અંતર્ગત મતદાર સુધારણા કાર્યક્રમની વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી. આ પત્રકાર મિટિંગમાં ટીનુભાઈ લલીયા, સંજયભાઈ વાળા, મેહુલભાઈ ત્રિવેદી, પ્રતાપભાઈ વાળા, બરકતભાઈ ચાવડા, જયેશભાઈ જેઠવા સહિતના તમામ પત્રકારોએ ખાસ હાજરી આપી હતી.

# પ્રેમસંબંધ મુદ્દે માતાએ ઠપકો આપતાં યુવતી ઘરેથી ચાલી નીકળી

**લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલે વધુ તપાસ હાથ ધરી**

લીલીયા, તા.૦૭

લીલીયામાં પ્રેમસંબંધ મુદ્દે માતાએ ઠપકો આપતાં યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે શીલ્પાબેન અરવિંદભાઈ ડાભી (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીને કોઈ સાથે પ્રેમસંબંધ હોય અને તેની પાસેથી અગાઉ મોબાઈલ ફોન પકડાયેલ હતો. જેથી તેમની માતા તથા ભાઈઓએ ઠપકો આપતા તા.૨૭/૧૦/૨૦૨૫ ના સાંજના આશરે ચારેક વાગ્યે 'સલડી ગામે કેટરર્સમાં મજૂરીએ જાવ છું' તેમ કહી પોતાના ઘરે લીલીયા મોટા ગામેથી કોઈને કહ્યા વગર પોતે પોતાની મેળે જતી રહી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વધુ તપાસ કરી રહ્યા છે.

# 'મારા ઘર પાસે કચરો કેમ નાખો છો' કહેતા બિભત્સ ગાળો આપી

રાજુલા, તા.૦૭

રાજુલાના ધોળીયા ડુંગર પાસે 'મારા ઘર પાસે કચરો કેમ નાખો છો' કહેતા બિભત્સ ગાળો આપી હતી. તેમજ જાનથી મારવાની પણ ધમકી આપી હતી. બનાવ અંગે મંગાભાઈ ભાણાભાઈ ગુજરીયા (ઉ.વ.૫૭) એ ભરતભાઈ બાલુભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ દેવુબેન બપોરના આશરે ચારેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હાજર હતા તે વખતે તેની પાડોશમાં રહેતા આરોપીએ તેમના ઘર પાસે સાર્વજનિક જગ્યામાં આવી 'મારા ઘર પાસે કચરો કેમ નાખો છો' તેમ કહ્યું હતું. જેથી તેમણે કહ્યું કે 'અમે અહીં કચરો નાખતા નથી અમે તો કચરા ટોપલીમાં કચરો નાખીએ છીએ' તેમ કહેતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ બિભત્સ ભાષામાં ગાળો આપી તેમના શર્ટનો કાંઠલો પકડી શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ લોખંડના પાઈપ વડે જમણા પગના સાથળના ભાગે તથા વાંસાના ભાગે એક ઘા મારી મારી મુંઢ ઈજા કરી હતી. તેમના પત્ની સાહેદ દેવુબેન બચાવવા વચ્ચે પડતાં તેઓને શરીરે મુંઢમાર મારી તથા જમણા હાથમાં લોખંડના પાઈપ વડે મુંઢ ઈજા કરી હતી અને જતાં જતાં બન્નેને 'હવે પછી કચરો નાખશો તો જીવતા નહીં રહેવાં દઈએ' તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલાના જોલાપર ગામે જોલાપરી નદીના કાંઠે ઢોર ચરાવવા મુદ્દે બોલાચાલી

**યુવક પર હુમલો કરવામાં આવ્યો**

રાજુલા, તા.૦૭

રાજુલાના જોલાપર ગામે જોલાપરી નદીના કાંઠે યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે નકાભાઈ ભાણાભાઈ વાઘ (ઉ.વ.૪૫) એ રાજુભાઈ કાનાભાઈ જેઠવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના ભાઈ બુધાભાઈ ભાણાભાઈ વાઘ પોતાના માલઢોર ગાય ભેંસ ચરાવવા જોલાપરી નદીનાં કાંઠે આવેલ ચરાણમાં ગયા હતા. તે વખતે આરોપી સાથે ઢોર ચરાવવા બાબતે બોલાચાલી થઈ હતી. જેથી આરોપીએ લોખંડના પાઈપ વડે જમણા કાનની ઉપર માથાના ભાગે એક ઘા મારતા માથાના ભાગે હેમરેજની ઈજા કરી હથિયાર સાથે હુમલો કર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એસ. પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# નશામાં છાકટો થઈ ગાળો બોલતો ઈસમ ઝડપાયો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી સાત શરાબીને નશામાં ચૂર થઈને ફરતા ઝડપી પાડ્યા હતા. લીલીયા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાંથી એક યુવક કેફી પીણું પીધેલ હાલતમાં જાહેરમાં બકવાસ કરી ગાળો બોલી છાકટાવેડા કરતો મળી આવ્યો હતો. જાફરાબાદ સામાકાંઠામાંથી બે લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

તંત્રી લેખ

# ભારતીય સમુદ્ર કિનારાનું અંતરિક્ષમાંથી સંરક્ષણ

અઢળક જળરાશિથી ઘેરાયેલા ભારત માટે તેના વિશાળ દરિયા કિનારાનું રક્ષણ કરવું એ માત્ર એક સુરક્ષા પડકાર જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને આર્થિક હિતોની જાળવણીનો એક આવશ્યક સ્તંભ છે. અંદાજે ૭,૫૧૬ કિલોમીટર લાંબો દરિયાકિનારો, જેમાં મુખ્ય ભૂમિ અને ટાપુ પ્રદેશોનો સમાવેશ થાય છે, તે દેશના સંરક્ષણ માટે સતત, સઘન દેખરેખની માંગ કરે છે, અને આ જરૂરિયાતને આધુનિક સમયમાં ઉપગ્રહો દ્વારા શ્રેષ્ઠ રીતે પૂરી કરી શકાય છે. ઉપગ્રહ ટેકનોલોજીએ દરિયાઈ સુરક્ષાના દૃશ્યને મૂળભૂત રીતે બદલી નાખ્યું છે, જે ભારતીય નૌસેના, કોસ્ટગાર્ડ અને અન્ય સુરક્ષા એજન્સીઓને એક અજોડ ક્ષમતા પ્રદાન કરે છે. આ ઉપગ્રહો માત્ર 'આકાશમાં આંખો' તરીકે જ કાર્ય નથી કરતા, પરંતુ એક સંકલિત દરિયાઈ જાગૃતિ પ્રણાલીના (MDA) પાયાનું નિર્માણ કરે છે. ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાએ દરિયાઈ સુરક્ષામાં રહેલી ગંભીર ખામીઓને ઉજાગર કરી હતી, જેના પછી ભારતે તેની દરિયાઈ સીમાની દેખરેખ અને રક્ષણ માટેની વ્યૂહરચનામાં ધરખમ ફેરફારો કર્યા. આ ફેરફારોના કેન્દ્રમાં ઉપગ્રહ આધારિત સર્વેલન્સ પ્રણાલીઓને મજબૂત બનાવવાનું લક્ષ્ય હતું. ઈસરો (ISRO) દ્વારા વિકસિત અને લોન્ચ કરાયેલા GSAT-૭ (રૂકમણી) અને તાજેતરના CMS-૦૩ જેવા સમર્પિત સંચાર ઉપગ્રહો ભારતીય નૌસેના માટે ગેમ-ચેન્જર સાબિત થયા છે. આ ઉપગ્રહો હિંદ મહાસાગર ક્ષેત્ર (IOR) માં ૨,૦૦૦ કિલોમીટર સુધીની વ્યાપક શ્રેણીમાં જહાજો, સબમરીન અને વિમાનો વચ્ચે સુરક્ષિત, વાસ્તવિક સમયનો સંચાર પૂરો પાડે છે. આનાથી નૌકાદળની ઓપરેશનલ પહોંચ અને પ્રતિભાવ ક્ષમતામાં અનેકગણો વધારો થયો છે. સંચાર ઉપરાંત, રિમોટ સેન્સિંગ ઉપગ્રહો, જેમ કે કાર્ટોસેટ શ્રેણી, ઉચ્ચ-રિઝોલ્યુશન ઈમેજરી દ્વારા દરિયાકિનારા અને સમુદ્રમાં શંકાસ્પદ ગતિવિધિઓ પર સતત નજર રાખે છે. આ ઉપગ્રહો દિવસ અને રાત, તેમજ ખરાબ હવામાનની પરિસ્થિતિઓમાં પણ જહાજોને શોધવા, ઓળખવા અને ટ્રેક કરવા સક્ષમ છે. ખાસ કરીને નાની માછીમારી બોટ કે જેઓ ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ (AIS) થી સજ્જ નથી, તેમના પર નજર રાખવા માટે ઉપગ્રહ આધારિત ટ્રાન્સપોન્ડર પ્રણાલીઓ વિકસાવવામાં આવી છે. ઈસરોની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ (નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન) પણ આ પ્રયત્નોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તે માછીમારીની બોટ માટે દ્વિ-માર્ગી સંચાર પ્રદાન કરે છે, જે માત્ર તેમની સલામતી સુનિશ્ચિત કરે છે, પરંતુ સુરક્ષા એજન્સીઓને તેમની હિલચાલ પર નજર રાખવામાં પણ મદદરૂપ થાય છે. ઉપગ્રહ ડેટાનું એકીકરણ ઈન્ટિગ્રેટેડ કોસ્ટલ સર્વેલન્સ સિસ્ટમ અને નેશનલ કમાન્ડ, કંટ્રોલ, કોમ્યુનિકેશન એન્ડ ઈન્ટેલિજન્સ નેટવર્કના માધ્યમથી કરવામાં આવે છે, જે તમામ દરિયાઈ સુરક્ષા હિસ્સેદારોને એક સામાન્ય ઓપરેશનલ ચિત્ર પ્રદાન કરે છે. મુંબઈ, કોચી, વિશાખાપટ્ટનમ અને પોર્ટ બ્લેર ખાતેના સંયુક્ત ઓપરેશન કેન્દ્રોને ઉપગ્રહો, દરિયાકિનારાના રડાર અને અન્ય સેન્સર દ્વારા મળતી માહિતી વાસ્તવિક સમયમાં મળે છે, જે તેમને ઝડપી અને સંકલિત પ્રતિભાવ માટે સક્ષમ બનાવે છે. ઉપગ્રહ આધારિત સર્વેલન્સ ભારતના દરિયાઈ ક્ષેત્રીય જાગૃતિને વધારવા માટે અનિવાર્ય છે. તે માત્ર દુશ્મન જહાજો અથવા આતંકવાદીઓની ઘૂસણખોરીને રોકવામાં જ મદદ કરતું નથી, પરંતુ દેશના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રમાં ગેરકાયદેસર માછીમારી, દાણચોરી, અને દરિયાઈ પ્રદૂષણ જેવી પ્રવૃત્તિઓ પર પણ નજર રાખે છે.


# સાયબર ગુલામીના ષડયંત્રમાં ફસાતા ભારતીય યુવાનો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ભારતના હજારો યુવાનો આજે એક નવી પ્રકારની ગુલામીનો શિકાર બની રહ્યા છે તે છે સાયબર ગુલામી કે જેને સાયબર શોષણ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ શોષણનું સ્વરૂપ એટલું આકર્ષક છે કે તે યુવાનોના સપનાઓને લાલચ આપીને તેમને વિદેશના અજાણ્યા દેશોમાં ફસાવી દે છે. ઉંચા પગાર, આલીશાન જીવન અને વિદેશી નોકરીના ઊંચા વચનો આપીને એજન્ટો યુવાનોને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશો જેમ કે કંબોડિયા, લાઓસ, મ્યાનમાર કે થાઈલેન્ડમાં લઈ જાય છે. પરંતુ ત્યાં પહોંચતાની સાથે જ સ્વપ્નો મહેલ ધૂળમાં મળી જાય છે. આ યુવાનોને સાયબર સ્કેમ સેન્ટરોમાં બંદીવાન બનાવી દેવામાં આવે છે. તેમની પાસેથી પાસપોર્ટ છીનવી લેવામાં આવે છે, મોબાઈલ ફોન કબજે કરી લેવામાં આવે છે અને દરરોજ ૧૬-૧૮ કલાક કામ કરાવવામાં આવે છે. તેમને ઓનલાઈન ઠગાઈના ધંધામાં ધકેલવામાં આવે છે — લોકોને ફસાવવા ફેક ઈન્વેસ્ટમેન્ટ સ્કીમો ચલાવવી, ડેટિંગ એપ પર લોકોને લૂંટવા કે ક્રિપ્ટોકરન્સી ફ્રોડ કરવો. આ કામ ન કરે તો માર મારવામાં આવે છે. ભૂખ્યા રાખવા કે વિદ્યુત શોકની સજા આપવામાં આવે છે. મહિને મળે છે માંડ ૧૦-૧૫ હજાર રૂપિયા, જે વચન આપેલા લાખોના બદલામાં એક મજાક છે. આ રેકેટનું મૂળ ચીની માફિયા અને સ્થાનિક એજન્ટોના નેટવર્કમાં છે. ભારતમાંથી ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર જેવા રાજ્યોના યુવાનો સૌથી વધુ શિકાર બની રહ્યા છે. સોશિયલ મીડિયા પર ચમકતી જાહેરખબરો, વ્હોટ્સએપ ગ્રૂપ અને ફેક જોબ પોર્ટલ દ્વારા યુવાનોને ફસાવવામાં આવે છે. ઘરે પાછા ફરવા માટે તેઓ પાસે કોઈ રસ્તો નથી; ઘણા તો પોલીસના દરોડામાં મુક્ત થયા બાદ પણ ટ્રોમામાંથી બહાર નથી આવી શકતા. આ સાયબર ગુલામીને રોકવા સરકારે સાયબર ક્રાઈમ પોર્ટલ, ઈન્ટરપોલ સાથે સહકાર અને જાગૃતિ અભિયાનો ચલાવવા જોઈએ. દરેક યુવાને યાદ રાખવું જોઈએ — કે જે નોકરી વધારે મોટી લાલચ આપે, તેની પાછળ વધારે અંધકાર હોય છે. સપના જોવાનો હક છે, પણ તેને સાચવવાની જવાબદારી પણ આપણી છે. ભારત ડિજિટલ ઈન્ડિયાના યુગમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, પરંતુ આ સાથે સાયબર ક્રાઈમનું જોખમ પણ ચાર ગણું વધી ગયું છે. ૨૦૨૧માં જ્યાં ૪.૫ લાખ કેસ નોંધાયા હતા, ત્યાં ૨૦૨૫ના પ્રથમ છ મહિનામાં જ ૧૨.૪૭ લાખથી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ વધારો ઓનલાઈન ફ્રોડ, ફિશિંગ, રેન્સમવેર અને બ્રાન્ડ ઈમ્પર્સનેશન જેવા અપરાધોને કારણે છે. ક્લાઉડએસઈકેના અહેવાલ મુજબ, ૨૦૨૫માં સાયબર ક્રાઈમથી ભારતને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે, જેમાંથી ૪૫% નુકસાન ફેક વેબસાઈટ અને એપ્સથી થશે. સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાં મહારાષ્ટ્ર (૧.૬ લાખ કેસ), ઉત્તર પ્રદેશ (૧.૪ લાખ) અને કર્ણાટક (૧ લાખ) આગળ છે. બેન્કિંગ અને ઈ-કોમર્સ સેક્ટર સૌથી વધુ નિશાને છે, જ્યાં ૪૧% નુકસાન બેન્કિંગથી થાય છે. બાળકો વિરુદ્ધના સાયબર ક્રાઈમમાં પણ ૩૨% વધારો થયો છે, જેમાં સાયબર પોર્નોગ્રાફી અને સ્ટોકિંગ મુખ્ય છે. સરકારે આને રોકવા માટે ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સ્થાપ્યું છે, જે રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (cybercrime.gov.in) ચલાવે છે. અહીં મહિલા અને બાળકો વિરુદ્ધના કેસ અનામી રીતે નોંધાઈ શકે છે. ફાઈનાન્શિયલ ફ્રોડ માટે હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરવાથી લોકોને રૂપિયા પરત મળી શકે છે. સાયબર સુરક્ષા આજના ડિજિટલ યુગની સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઈ છે. આપણા રોજિંદા જીવનમાં સ્માર્ટફોન, ઓનલાઈન બેંકિંગ, ઈ-કોમર્સ અને સોશ્યલ મીડિયા જેવી સેવાઓનો વધતો ઉપયોગ આપણે ટેકનોલોજી પર વધુ આધારિત બનાવી રહ્યો છે. પરંતુ આ સુવિધા સાથે અનેક પ્રકારના જોખમો પણ જોડાયેલા છે. સાયબર હુમલા, હેકિંગ, ડેટા ચોરી, ફિશિંગ જેવી પ્રવૃત્તિઓ સતત વધતી જાય છે, જેના કારણે વ્યક્તિગત માહિતી, નાણાંકીય વિગતો અને ગોપનીયતા પર ખતરો ઉભો થાય છે. આથી દરેક નાગરિક માટે સાયબર જાગૃતિ અને સુરક્ષા પગલાં અમલમાં લાવવાં અનિવાર્ય છે. સૌથી પહેલું, અજાણ્યા લિંક પર ક્લિક ન કરવું જોઈએ, કારણ કે આવા લિંક્સ હેકર્સ દ્વારા ડેટા ચોરવા કે દૂષિત સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવા માટે વપરાય છે. ટુ-ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરવાથી એક વધારાનું સુરક્ષા સ્તર મળે છે, જેનાથી કોઈ વ્યક્તિ પાસવર્ડ જાણી લે તો પણ એકાઉન્ટમાં પ્રવેશ મેળવી શકતી નથી. પાસવર્ડ મજબૂત, અનોખો અને નિયમિત રીતે બદલવો પણ સાયબર સુરક્ષા માટે જરૂરી છે. ફેક એપ્લિકેશનો ડાઉનલોડ કરવાથી અથવા અજાણ્યા સ્ત્રોતો પરથી સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવાથી પણ ઉપકરણ હેક થવાનો ખતરો રહે છે. જાગૃતિ સૌથી મોટું હથિયાર છે. દરેક વ્યક્તિએ ઈન્ટરનેટનો ઉપયોગ કરતી વખતે સતર્ક રહેવું જોઈએ, શંકાસ્પદ ઈમેલ, સંદેશા અથવા કોલને અવગણવા જોઈએ અને કોઈ પણ સાયબર ગુનાઓની ઘટના બને ત્યારે તરત જ રિપોર્ટ કરવો જોઈએ. સરકાર, શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રે સાથે મળીને નાગરિકોમાં સાયબર સુરક્ષાના પ્રત્યે જાગૃતિ ફેલાવવી જોઈએ. ડિજિટલ ભારત સુરક્ષિત બનાવવું માત્ર સરકારની નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. માહિતી સુરક્ષા અને જવાબદાર વપરાશ દ્વારા જ આપણે એક સુરક્ષિત, વિશ્વસનીય અને વિશ્વસ્તરીય ડિજિટલ સમાજ બનાવી શકીએ છીએ.




## શબ્દ સંજોગ-૨૦૯૭



**આડી ચાવી :**
(૧) ધ્વનિ, નાદ (૩)
(૩) માહિતગાર, જાણકાર (૩)
(૬) કામકાજ કે તેની પરિસ્થિતિ (૩)
(૭) મજા, આનંદ (૩)
(૯) ચળવળ, લડાઈ (૩)
(૧૧) પાણી પહેલા બાંધવી જોઈએ (અ) (૨)
(૧૩) શું (૧)
(૧૪) લીન, મગ્ન (૨)
(૧૬) પોલું, ખોટુ (૩)
(૧૮) .....ખોરાક ન ખાવો જોઈએ (૨)
(૧૯) ..... કા માલિક એક (૨)
(૨૦) ખેપિયો (૩)
(૨૨) આધાર, ભરોસો (૩)
(૨૪) કાંત, રમણ (૨)
(૨૫) છેડો, આખર (૨)
(૨૬) દુર્યોધનનો એક રાક્ષસ મિત્ર (૩)
(૨૭) અસલ ઠેકાણે (૨)
(૨૮) પૂછ્યા વિનાનું (૪)
(૨૯) રાહ, મંઝિલ (૩)

**ઉભી ચાવી :**
(૧) મૂળ પ્રાચીન (૩)
(૨) બાવાઓનો સમૂહ (૩)
(૩) એક શાક (૩)
(૪) ફળ, પરિણામ (૨)
(૫) કાંજી, ખેળ (૨)
(૮) સ્નેહ, વહાલ (૨)
(૧૦) સિંહની ગર્જના (૩)
(૧૨) ઈરાનથી હિંદમાં આવી વસેલી પ્રજા (૩)
(૧૫) હોશિયાર, સાવધ (૫)
(૧૬) સુરતી ભાષામાં છોકરી (૨)
(૧૭) સમય, વખત થયો (અ) (૨)
(૧૮) ભાંજગડ, તકરાર (૨)
(૧૯) કાયમ, હંમેશા (૨)
(૨૧) આજના તાજા.......... (૪)
(૨૨) બુદ્ધિ (૨)
(૨૩) એક ટીવી શો :...... કે ખિલાડી (૩)
(૨૪) પકડવું તે (૩)
(૨૫) એક દેવી (૨)
(૨૭) ખરી જગ્યાએ (૨)

## શબ્દ સંજોગ-૨૦૯૬ જવાબ

**આડી ચાવી :** (૧) જલારામ (૪) ડામચિયો (૭) ડફોળ (૮) હું (૯) રાજ (૧૦) છો (૧૧) વીરાંગના (૧૩) જક્કી (૧૪) પરાગ (૧૫) પરી (૧૬) જણસ (૧૭) બોર (૧૯) રામ (૨૦) કવન (૨૧) બિન (૨૨) વરી (૨૩) માનવ (૨૫) કપચી (૨૭) બીલીમોરા (૨૮) રાસભ.
**ઉભી ચાવી :** (૧) જડબું (૨) લાફો (૩) રાળ (૫) ચિરાગ (૬) યોજના (૧૧) વીરાસન (૧૨) રાંગ (૧૩) જરીમરી (૧૪) પણવ (૧૫) પરાવલંબી (૧૬) જકડ (૧૭) બોબિન (૧૮) રનવન (૨૩) માચીસ (૨૪) સામો (૨૬) પરા.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૧૫ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૫૪૭ |
| ઘઉં ટુકડા | ૫૨૪ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૯૩૪ |
| બાજરી | ૩૩૦ | ૪૭૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૦૦ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| અડદ | ૯૮૦ | ૧૫૩૦ |
| મગ | ૯૫૦ | ૧૬૨૦ |
| વાલ દેશી | ૭૪૦ | ૧૨૧૧ |
| ચોળી | ૧૦૦૦ | ૧૩૧૫ |
| વટાણા | ૧૧૦૦ | ૧૯૦૦ |
| રાજમા | ૧૦૨૫ | ૧૫૭૫ |
| મગફળી જાડી | ૮૪૦ | ૧૨૨૫ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૦ |
| તલી | ૧૮૦૦ | ૨૫૫૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૯૩ |
| અજમો | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૮૦૩ | ૮૮૦ |
| સીંગફાડા | ૯૭૦ | ૧૩૧૫ |
| કાળા તલ | ૩૩૫૦ | ૪૮૯૦ |
| લસણ | ૪૬૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૫૫ |
| મરચા સુકા | ૧૨૫૦ | ૪૦૫૦ |
| ધાણી | ૧૩૮૦ | ૧૬૫૦ |
| વરીયાળી | ૧૦૮૨ | ૧૪૩૧ |
| જીરૂ | ૩૪૩૦ | ૩૮૫૦ |
| રાય | ૧૨૪૪ | ૧૭૪૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૭૮ |
| ઇસબગુલ | ૧૦૫૦ | ૧૩૭૦ |
| અશેરીયો | ૮૦૦ | ૯૫૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૬૫૦ |
| રાયડો | ૯૦૦ | ૧૨૮૦ |
| રજકાનું બી | ૬૨૦૦ | ૮૫૩૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૭૭ | ૬૨૩ |
| પપૈયા | ૭૭ | ૯૮ |
| બટેટા | ૨૫૧ | ૬૩૧ |
| ડુંગળી સુકી | ૬૦ | ૨૪૦ |
| ટમેટા | ૩૦૭ | ૬૧૭ |
| સુરણ | ૭૮૬ | ૮૧૯ |
| કોથમરી | ૮૩૪ | ૧૦૧૭ |
| મુળા | ૩૩૨ | ૪૬૬ |
| રીંગણા | ૯૭૬ | ૧૨૨૭ |
| કોબીજ | ૧૨૮ | ૨૦૯ |
| ફ્લાવર | ૬૧૧ | ૮૧૩ |
| ભીંડો | ૬૨૭ | ૮૨૪ |
| ગુવાર | ૧૬૨૨ | ૨૦૧૭ |
| ચોળાસીંગ | ૬૦૮ | ૮૧૪ |
| વાલોળ | ૬૩૪ | ૮૪૨ |
| ટીંડોરા | ૬૭૭ | ૧૦૧૨ |
| દુધી | ૩૧૩ | ૫૩૪ |
| કારેલા | ૬૧૧ | ૮૦૭ |
| સરગવો | ૬૦૬ | ૧૬૨૩ |

| | | |
|---|---|---|
| તુરીયા | ૧૦૨૬ | ૧૨૨૬ |
| પરવર | ૫૬૪ | ૭૩૧ |
| કાકડી | ૮૨૧ | ૧૦૭૭ |
| ગાજર | ૭૧૨ | ૯૪૬ |
| વટાણા | ૩૦૧૭ | ૩૪૩૨ |
| ગલકા | ૫૭૮ | ૮૦૮ |
| બીટ | ૩૧૧ | ૫૧૪ |
| મેથી | ૪૦૭ | ૬૧૪ |
| વાલ | ૧૨૦૮ | ૧૪૧૬ |
| ડુંગળી લીલી | ૩૧૭ | ૫૨૭ |
| આદુ | ૧૧૨૬ | ૧૩૩૪ |
| ચણા લીલા | ૨૧૧ | ૫૫૧ |
| મરચા લીલા | ૨૨૬ | ૮૦૩ |
| હળદર લીલી | ૪૯૭ | ૬૮૭ |
| લસણ લીલું | ૧૮૨૬ | ૨૨૦૭ |
| મકાઇ લીલી | ૧૮૨ | ૩૦૭ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૬ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૨૬ |
| સિંગદાણા જાડા | ૧૨૪૧ | ૧૩૩૧ |
| સિંગ ફાડીયા | ૮૬૧ | ૧૨૮૬ |
| એરંડા / એરંડી | ૧૨૮૧ | ૧૩૨૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૩૮૮૧ |
| ક્લંજી | ૨૦૦૦ | ૪૮૬૧ |
| ધાણા | ૯૦૧ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૪૦૧ | ૯૯૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૭૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૭૧ |
| મઠ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| તુવેર | ૯૫૧ | ૧૩૮૧ |
| રાય | ૧૫૩૧ | ૧૫૩૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૪૧ |
| કાંગ | ૨૩૧ | ૫૭૧ |
| સફેદ ચણા | ૧૦૯૬ | ૧૮૭૧ |
| ઇસબગુલ | ૧૪૯૧ | ૧૪૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૭૦૧ |
| બાજરો | ૩૦૧ | ૪૪૧ |
| જુવાર | ૫૦૧ | ૯૫૧ |
| મકાઇ | ૩૯૧ | ૪૧૧ |
| મગ | ૭૫૧ | ૧૮૩૧ |
| ચણા | ૯૭૬ | ૧૧૨૧ |
| વાલ | ૫૨૧ | ૧૦૪૧ |
| વાલ પાપડી | ૧૭૩૧ | ૧૭૩૧ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૯૯૧ |
| સોયાબીન | ૭૦૦ | ૯૫૧ |
| કળથી | ૧૩૧૧ | ૧૩૧૧ |
| ગોગળી | ૬૧૧ | ૯૨૧ |
| વટાણા | ૧૨૮૧ | ૧૭૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૩૦૦ |
| દુધી | ૧૮૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૬૦૦ |
| કાકડી | ૧૮૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૮૦૦ |

| | | |
|---|---|---|
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૯૦૦ |
| ગાજર | ૪૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| તુવેર | ૩૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૩૯૮૦ | ૫૦૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૩૫૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૩ | ૮ |
| તાંજરીયા પુરા | ૩ | ૮ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| આંબલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂરણ | ૯૮૦ | ૧૨૦૦ |
| જીજરાં | ૧૬૦ | ૨૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૩૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૪૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૭ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૬૩૦ | ૧૦૮૧ |
| શિંગ ૬૬ | ૮૫૨ | ૧૨૩૪ |
| શીંગ ગીરનારી | ૭૫૪ | ૧૧૭૦ |
| શીંગ મોટી | ૬૦૦ | ૧૧૭૦ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૭૦૦ |
| તલ કાળા | ૨૬૫૦ | ૫૪૦૫ |
| તલ કશ્મીરી | ૧૭૧૦ | ૨૫૨૮ |
| બાજરો | ૩૨૨ | ૪૧૯ |
| ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૭૭ | ૫૬૭ |
| મકાઈ | ૪૬૧ | ૬૫૧ |
| મગ | ૧૧૦૦ | ૧૫૯૨ |
| અડદ | ૯૧૦ | ૧૪૧૪ |
| ચણા | ૯૧૪ | ૧૧૩૯ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| છોલે ચણા | ૧૪૨૦ | ૧૭૧૭ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૭૦ |
| કપાસ | ૮૪૦ | ૧૫૬૭ |
| એરંડા | ૧૧૮૯ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| અજમા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| મેથી | ૬૦૦ | ૮૭૦ |
| સોયાબીન | ૭૨૫ | ૮૭૯ |
| રજકાનું બી | ૩૮૦૦ | ૪૪૨૫ |

| | | |
|---|---|---|
| કાંગ | ૩૬૫ | ૩૬૫ |
| **અમરેલી શાકભાજી** | | |
| બટેટા | ૩૫૦ | ૪૫૦ |
| રીંગણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૨૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૭૨૦ | ૮૨૦ |
| ગાજર | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૬૦૦ | ૮૦૦ |
| કારેલા | ૬૨૦ | ૮૪૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| મૂળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૨૦ | ૫૪૦ |
| ગુવાર | ૪૨૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૮૨૦ | ૯૨૦ |
| વટાણાં | ૨૪૦૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| આમળા | ૫૨૦ | ૮૮૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૨૦ | ૬૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૨૦ |
| સરગવો | ૧૬૦૦ | ૧૮૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૧૨૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| લસણ લીલું | ૭૨૦ | ૧૧૦૦ |
| લસણ સુકું | ૫૦૦ | ૧૧૪૦ |
| લીંબુ | ૩૨૦ | ૪૫૦ |
| મકાઈ | ૨૧૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૦૦ | ૧૦૬૫ |
| શીંગ મોટી | ૮૭૦ | ૧૧૪૨ |
| તલ સફેદ | ૧૮૪૮ | ૨૩૫૮ |
| તલ કાળા | ૪૪૦૦ | ૪૭૮૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૭૩૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૧ |
| બાજરો | ૩૦૦ | ૫૮૧ |
| જુવાર | ૮૫૦ | ૯૫૧ |
| અડદ | ૭૬૧ | ૧૧૦૦ |
| દેસી ચણા | ૧૦૩૦ | ૧૧૭૧ |
| સોયાબીન | ૮૨૦ | ૮૭૩ |
| **બાબરા** | | |
| કપાસશંકર નવો | ૧૩૨૦ | ૧૫૪૫ |

| | | |
|---|---|---|
| મગફળી | ૯૭૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૫૧૫ | ૨૦૫૫ |
| તલ કાળા | ૨૮૪૦ | ૪૯૦૦ |
| જીરૂ | ૩૧૦૫ | ૩૭૭૫ |
| ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| મગ | ૧૨૪૫ | ૧૫૨૫ |
| અડદ | ૯૩૫ | ૧૧૧૫ |
| ચણા | ૯૭૫ | ૧૧૦૫ |
| સોયાબીન | ૭૯૫ | ૮૫૫ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૦૦ | ૧૫૨૧ |
| કપાસ કોડી | ૮૨૫ | ૧૧૯૬ |
| મગફળી | ૫૦૧ | ૯૫૧ |
| ઘઉં | ૪૭૧ | ૫૩૦ |
| સ.ચણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ધાણા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૩ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૦૬ | ૫૬૫ |
| તલ સફેદ | ૨૦૭૦ | ૨૨૫૫ |
| ચણા | ૭૦૦ | ૧૦૮૦ |
| શિંગ દાણા | ૮૫૫ | ૧૦૯૫ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| અડદ | ૮૦૦ | ૧૦૫૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૬૧ |
| મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| ચણા સફેદ | ૧૦૫૨ | ૧૦૫૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૫ |
| લસણ | ૩૫૦ | ૩૫૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૪૯ | ૧૫૧૯ |
| તલ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૪૫૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૬૦૦ | ૧૫૨૦ |
| બાજરો | ૩૬૧ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૫૦ |
| જુવાર | ૫૨૫ | ૯૭૨ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૫૫૧ | ૧૦૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૨૨૮ |
| જીરૂ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૧ |
| રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૨ | ૧૫૧૫ |
| કપાસ કોડી | ૮૫૦ | ૧૧૭૦ |
| મગફળી | ૬૫૦ | ૧૧૩૪ |
| જુવાર સફેદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| સોયાબીન | ૭૭૫ | ૭૫૫ |
| **મહુવા** | | |

| | | |
|---|---|---|
| શીંગ ૬૬ | ૮૦૦ | ૧૦૩૪ |
| શીંગ ૩૯ | ૭૫૫ | ૧૧૧૬ |
| શીંગ ગીરનારી | ૮૨૦ | ૧૦૯૩ |
| શીંગ જી-૨૦ | ૮૨૧ | ૧૧૮૨ |
| જુવાર | ૩૦૦ | ૭૪૪ |
| બાજરી | ૩૫૨ | ૬૪૦ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૬૬૧ |
| અડદ | ૯૭૦ | ૧૧૪૨ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| ચણા | ૮૧૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૪૮૧૨ |
| તુવેર | ૬૪૦ | ૧૩૩૮ |
| ડુંગળી લાલ | ૧૦૫ | ૨૩૩ |
| ડુંગળી સફેદ | ૧૦૮ | ૪૦૬ |
| કપાસ શંકર | ૭૨૫ | ૧૫૦૦ |
| નાળીયેર | ૩૫૨ | ૨૯૭૦ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૧૦૦ | ૧૫૩૫ |
| મગફળી નવી | ૮૧૧ | ૧૨૨૮ |
| બાજરો | ૩૭૦ | ૫૩૧ |
| ઘઉં | ૪૮૦ | ૫૭૭ |
| જુવાર | ૭૫૦ | ૯૬૨ |
| તલ | ૧૭૧૦ | ૨૨૭૮ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૪૪૪ |
| સોયાબીન | ૭૨૫ | ૮૭૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૨૪ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૫૦ | ૪૯૦ |
| ઘઉં | ૩૫૦ | ૫૭૨ |
| મગ | ૮૦૦ | ૧૩૧૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૩૫ |
| ચોળી | ૪૭૦ | ૧૦૦૫ |
| વાલ | ૫૦૦ | ૮૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૩૪ |
| ચણા | ૯૨૦ | ૧૧૨૭ |
| સફેદ ચણા | ૧૩૭૦ | ૧૫૪૦ |
| મગફળી જીણી | ૯૨૦ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૨૦ |
| મગફળી ૬૬ | ૯૫૦ | ૧૨૩૦ |
| મગફળી ૯ | ૧૦૦૦ | ૧૮૨૫ |
| તલ | ૯૪૫ | ૨૧૦૦ |
| રાયડો | ૧૦૭૫ | ૧૨૮૩ |
| લસણ | ૪૦૦ | ૧૨૨૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૧૫ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૨૫ |
| અજમો | ૧૪૦૦ | ૨૯૦૦ |
| અજમાની ભુકી | ૪૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૯૫ |
| મરચાં | ૬૯૫ | ૩૬૦૦ |
| ડુંગળી સુકી | ૮૦૦ | ૧૫૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૫ |
| વટાણા | ૮૦૦ | ૧૮૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પ્રધાનમંત્રી મોદીએ આદિવાસી બાંધવોને ભારતની વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે : ભૂપેન્દ્ર પટેલ

અંબાજી,તા.૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા અધ્યક્ષ તથા રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતિમાં અંબાજીથી એકતા નગર સુધી યોજનારી જનજાતિય ગૌરવ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. તારીખ ૭ થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની 'જનજાતિય ગૌરવ યાત્રા'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આઝાદીની લડતમાં અગ્રેસર રહેલા આદિવાસી બાંધવોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમૃતકાળના ભારતની વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભગવાન બિરસા મુંડાની દોઢસોમી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે યોજાઇ રહેલી જનજાતિય ગૌરવ યાત્રાનો પ્રારંભ કરાવતા સ્પષ્ટ પણે



જણાવ્યું કે, "જેને કોઈ ન પૂછે તેને વડાપ્રધાન નરેન્દ્રભાઇ પૂજે છે." તેમણે કહ્યું કે, આઝાદીની લડતમાં ભગવાન બિરસા મુંડાના નેતૃત્વમાં અગ્રેસર રહેલા આદિવાસીઓને વડાપ્રધાને અમૃતકાળના ભારતની આ વિકાસયાત્રામાં ભાગીદાર બનાવ્યા છે. એટલું જ નહીં, સ્વાતંત્ર્ય વીર ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની નવી પરંપરા પણ તેમણે ૨૦૧૧થી ઊભી કરી છે. આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આ વર્ષે થઈ રહી છે.

# ૨ ઓગષ્ટ-૨૦૨૭માં સદીનું સૌથી લાંબુ સૂર્યગ્રહણ : ૬ મિનિટ અને ૨૩ સેકન્ડ સુધી ચાલશે

અમદાવાદ,તા.૭

૨ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ, બપોરે, એક ખૂબ જ દુર્લભ પૂર્ણ સૂર્યગ્રહણ થશે. આ ગ્રહણ ૬ મિનિટ અને ૨૩ સેકન્ડ સુધી ચાલશે, જે સૂર્યને સંપૂર્ણપણે અંધારામાં ફેરવશે, દિવસના પ્રકાશને એક વિચિત્ર અંધકારમાં રૂપાંતરિત કરશે. આટલુ લાંબુ ગ્રહણ લગભગ એક સદી સુધી ફરી જોવા મળશે નહીં. મોટાભાગના સૂર્યગ્રહણ ત્રણ મિનિટથી ઓછા સમય સુધી ચાલે છે, પરંતુ આ એક બમણાથી વધુ સમય સુધી ચાલશે, જે તેને ખરેખર અદ્‌ભુત દશ્ય બનાવે છે. આ પ્રભાવશાળી ઘટના ત્રણ વસ્તુઓની એક સાથે અને દુર્લભ ઘટનાને કારણે છે. પ્રથમ, એફિલિયન, જ્યારે પૃથ્વી સૂર્યથી સૌથી દૂર હશે, જેનાથી તે નાનું દેખાશે. બીજું, ચંદ્ર તે સમયે પૃથ્વીની સૌથી નજીક હશે, જેના કારણે તે આકાશમાં મોટું દેખાશે. ત્રીજું, ચંદ્રનો પડછાયો પૃથ્વીના



વિષુવવૃત્તની નજીકથી પસાર થશે, તેની ગતિ ધીમી કરશે અને ગ્રહણને લંબાવશે. આ પૂર્ણ સૂર્યગ્રહણ એટલાન્ટિક મહાસાગર ઉપરથી શરૂ થશે અને જિબ્રાલ્ટરની સામુદ્રધુની, દક્ષિણ સ્પેન, ઉત્તર આફ્રિકા અને અરબી દ્વીપકલ્પમાં પસાર થશે. તે આખરે હિંદ મહાસાગરમાં સમાપ્ત થશે. આ માર્ગ આશરે ૧૭૦ માઈલ પહોળો હશે અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાંથી પસાર થશે, જેનાથી લાખો લોકો ગ્રહણ જોઈ શકશે. દક્ષિણ સ્પેનના શહેરો ચાર મિનિટથી વધુ સમય માટે સંપૂર્ણ અંધકારનો અનુભવ કરશે. મોરોક્કોમાં ટેન્જિયર અને ટેટુઆન સીધા પડછાયાના માર્ગમાં આવશે.

# રાજ્ય સરકારના ૧૦ હજાર કરોડના રાહત પેકેજને આવકારતા રાજ્ય મંત્રી કૌશિક વેકરીયા

અમરેલી, તા.૦૭

સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદ પડ્યા બાદ ખેડૂતોને મગફળી, કપાસ સહિતના પાકને ભારે નુકસાન જતા રાજ્ય સરકાર ખેડૂતોની મદદે આવી છે. રાજ્ય સરકારે પાક નુકસાની માટે રૂપિયા ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કરતા આ રાહત પેકેજને રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આવકાર્યું છે. રાજ્ય સરકાર હજુ આગામી સમયમાં ૧૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની મગફળી,



મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરશે. આ ખરીદી આવતીકાલ તારીખ ૯ ને રવિવારના રોજથી કરવામાં આવશે.

# ઉનાના ખત્રીવાડા ગામ નજીક બેઠો પુલ પસાર કરવો રાહદારીઓ માટે મુશ્કેલ

ઉના,તા.૦૭

ઉના તાલુકાના ખત્રીવાડા ગામ નજીક આવેલા બેઠા પુલ પર રૂપેણ નદીના પાણી ફરી વળ્યા છે. જેના કારણે રાહદારીઓ, વાહનચાલકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને શ્રમિકો જીવના જોખમે પાણીમાંથી પસાર થવા મજબૂર બન્યા છે. આ પુલ ખત્રીવાડાને સોંદરડી અને સોંદરડા ગામ સાથે જોડે છે. ચોમાસા દરમિયાન



આ પુલ પરથી પાણી પસાર થતું હોવાથી ખત્રીવાડા ગામનો સંપર્ક કપાઈ જાય છે. હાલ કમોસમી વરસાદને કારણે નદીઓમાં પાણીની આવક થતાં પુલ પર પાણી ફરી વળ્યા છે. ભારે વરસાદ અને પૂરની સ્થિતિમાં તો આ પુલ પરથી અવરજવર સંપૂર્ણપણે બંધ થઈ જાય છે.સ્થાનિક લોકોએ આ અંગે તંત્રને વારંવાર રજૂઆતો કરી છે. તેઓએ જણાવ્યું કે ચોમાસાના ત્રણ મહિના સુધી જીવના જોખમે પસાર થવું પડે છે. તંત્ર દ્વારા રજૂઆતો સાંભળવામાં આવી હોવા છતાં, આ બેઠા પુલ પર હજુ સુધી બ્રિજ બનાવવામાં આવ્યો નથી, જેના કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

# રાજ્યમાં ખેડૂતો માટે ૧૦ હજાર કરોડના રાહત પેકેજને સાંસદ ભરત સુતરીયાએ આવકાર્યું

અમરેલી, તા.૦૭

ગુજરાતમાં કમોસમી વરસાદથી મગફળી, કપાસ સહિતના પાકને ભારે નુકસાન થતાં રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂપિયા ૧૦ હજાર કરોડનું વિશાળ રાહત પેકેજ જાહેર કર્યું છે. સાંસદ ભરતભાઈ સુતરીયાએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. સરકારે ૧૫ હજાર કરોડથી વધુ મૂલ્યની મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે




ખરીદી કરવાની જાહેરાત કરી છે. આ ખરીદી રવિવાર, તારીખ ૯ નવેમ્બરથી શરૂ થશે, જેથી ખેડૂતોને તાત્કાલિક નાણાકીય રાહત મળી રહે.

# સુરતના સારોલી વિસ્તારમાં ટેકસટાઈલ માર્કેટમાં આગથી કરોડોનું નુકસાન

સુરત,તા.૦૭

સુરતના સારોલી વિસ્તારમાં આવેલી જાણીતી કુબેરજી ટેક્સટાઈલ વર્લ્ડ માર્કેટમાં આગ લાગવાની મોટી ઘટના બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર, ફાયર વિભાગને બિલ્ડિંગના ૧૨મા માળે આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો, જેના પગલે તુરંત જ એક મોટું ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ૬ ફાયર



સ્ટેશનોની ૧૨થી વધુ ગાડીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી. જો કે, કરોડોનો માલસામાન આગમાં ખાખ થઈ ગયો હોવાનો અંદાજ છે. આગ પર કાબૂ મેળવવા માટે ૬ ફાયર સ્ટેશનની ૧૨થી વધુ ફાયર ફાઈટર ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાની જાણ થતાં જ વેપારીઓ અને ત્યાં હાજર લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. સૌ પ્રથમ લોકોએ પોતાનો જીવ બચાવવા માટે દોડધામ કરી હતી અને સલામત સ્થળે ખસી ગયા હતા.

# સાવરકુંડલાની વી.ડી.કાણકીયા કોલેજમાં 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા ખાતે વી.ડી. કાણકીયા કોલેજમાં રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મહાનુભાવો સાથે મળીને રાષ્ટ્રગીતનું સમૂહગાન કર્યું હતું.



**મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી**

મહેશભાઈ કસવાલાએ જણાવ્યું કે 'વંદે માતરમ્' માત્ર ગીત નથી, પરંતુ રાષ્ટ્રભાવના, એકતા અને ત્યાગનું અમર પ્રતીક છે, જે લાખો સ્વાતંત્ર્ય સેનાનીઓને પ્રેરણા આપનાર છે. તેમણે યુવાનોને આ ગીતના ભાવને સમજીને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં જોડાવાનું આહ્‌વાન કર્યું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોલેજનું વાતાવરણ દેશભક્તિની ઉષ્માથી છલકાઈ ગયું. કાર્યક્રમમાં રાષ્ટ્રીય ગૌરવ અને સ્વાતંત્ર્ય સંગ્રામના મૂલ્યો પ્રત્યે નવી પેઢીને જાગૃત કરવામાં આવી હતી.

# કોડીનાર પાલિકાના ઉપપ્રમુખે પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરી

કોડીનાર,તા.૦૭

સૌરાષ્ટ્રમાં થયેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાક અને ઘાસચારાને થયેલા નુકસાનને લઈ કોડીનાર નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીએ મહુવા રેન્જ ફોરેસ્ટ ઓફિસ ખાતે રૂબરૂ જઈ, બગદાણા પાસે ગેબર વીડીમાંથી કોડીનારના ખેડૂતો/પશુપાલકો માટે ૮ ગાડી ઘાસચારાની વ્યવસ્થા કરીને તેને રવાના કરાવેલ હતી. કોડીનાર વિસ્તારમાં કોઈ



તસવીર : અશોક પાઠક

પશુપાલક ઘાસચારાથી વંચિત ન રહે તે માટે આગામી બે દિવસમાં ટ્રાન્સપોર્ટેશનના સંકલન સાથે વધુ ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ શિવાભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

# રાજ્ય સરકાર દ્વારા ૧૦ હજાર કરોડના રાહત પેકેજને આવકારતા વિપુલ દુધાત

અમરેલી, તા.૦૭

ગુજરાતમાં કમોસમી વરસાદના કારણે મગફળી, કપાસ સહિતના પાકોને થયેલા ભારે નુકસાન સામે રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું વિશાળ રાહત પેકેજ જાહેર કર્યું છે. વિપુલભાઈ દુધાતે આ પેકેજને આવકાર આપ્યો હતો. સરકારે વધુમાં રૂ. ૧૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યની મગફળી, મગ, અડદ અને



સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી છે. ખેડૂતોને તાત્કાલિક નાણાકીય રાહત મળી રહે તે હેતુથી આ ખરીદી રવિવાર, તારીખ ૯ નવેમ્બરથી શરૂ થશે.

# કોડીનાર લાડી લોહાણા સિંધી સમાજ દ્વારા આધુનિક વિચારધારા યુક્ત સન્માન સમારોહ યોજાયો

કોડીનાર, તા.૭

ગુરુનાનક જયંતિના પાવન દિવસે પરમ પૂજ્ય લાડી લોહાણા સિંધી સમાજ ટ્રસ્ટ, કોડીનાર દ્વારા સંચાલિત લાડી લોહાણા સિંધી સમાજ દ્વારા આધુનિક વિચારધારા યુક્ત સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં બેટી બચાવો- બેટી પઢાઓ અભિયાનને યથાર્થ કરવા જે પરિવારને ત્યાં ૨૦૧૫ પછી બે દીકરીઓનો જન્મ થયો હોય તેમને સન્માનિત કરવામાં આવ્યા અને ત્યારબાદ વરિષ્ઠ નાગરિક સન્માનથી સમાજના આધારશીલા રૂપ વડીલોને સ્વમાનભેર સન્માનિત કરી સમાજ પ્રત્યે તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. ત્યારબાદ જેમણે સમાજસેવાને જ પ્રભુસેવા માની અને પોતાનું સમગ્ર જીવન સમાજના ઉત્થાન માટે સમર્પિત કર્યું હતું તેવા મહાનુભાવોને સિંધી સમાજ રત્નના સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નારી તું નારાયણીમાં માનનાર સિંધી સમાજે મહિલા મંડળના પ્રમુખને નારી શક્તિ સન્માનથી સન્માનિત કર્યા હતા. યુવાઓને સમાજની સાચી શક્તિ માની પૂર્વ અને હાલના યુવા પ્રમુખોને પણ તેમના યોગદાન સ્વરૂપે સન્માનિત કર્યા હતા.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે 'વંદે માતરમ્' ગીતની સાર્ધસતી વર્ષ નિમિત્તે ઉજવણી થઈ

અમરેલી, તા.૦૭

વંદે માતરમ્ ગીતની રચનાને ૧૫૦ વર્ષ થતા હોય આ ગૌરવપૂર્ણ ઘટનાની દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં વંદેમાતરમ્ ગીતનું મહિમા ગાન થાય એ હેતુથી રાષ્ટ્રજોગ કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આ અંતર્ગત શુક્રવારે અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રમુખ અતુલભાઈ કાનાણીની ઉપસ્થિતિમાં વંદે માતરમ્ સંપૂર્ણ



ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું તેમજ વડાપ્રધાને કરેલ આહ્‌વાન અન્વયે "હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી" અભિયાનને આગળ વધારતા શપથ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના ઈન્ચાર્જ દીપકભાઈ વઘાસીયાએ વંદે માતરમ્ ગીતની રચના અને તેની આજ સુધીની સફર વિષે જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મેહુલભાઈ ધોરાજીયા, ભાવનાબેન ગોંડલીયા, મયુરભાઈ માંજરીયા, વિજયભાઈ ચોટલીયા, કિશોરભાઈ કાનપરીયા તેમજ જિલ્લા ભાજપ આગેવાનો અશ્વિનગીરી ગોસાઈ, કેતનભાઈ ઢાંકેચા, વિપુલ ભટ્ટી, જલ્પેશભાઈ મોવલીયા, અરવિંદભાઈ રૈયાણી, કાળુભાઈ વાળા, રાજેશભાઈ રાણી, પ્રવિણભાઈ ચાવડા, રાકેશ સાવલિયા, અલ્કાબેન ગોંડલીયા, મૌલિક ઉપાધ્યાય, પ્રવિણાબેન રાઠોડ, દેવરાજ બાબરીયા, ડેની પરમાર, તેજસ ઢોણે, કાર્યાલય મંત્રી મહેન્દ્ર ચાવડા તેમજ અમરેલીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૬માં યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ ટુર્નામેન્ટની ફાઈનલ અમદાવાદમાં રમાશે

અમદાવાદ,તા.૭

બેંગાલુરુને આ વખતે પણ ફાઈનલની યાદીમાંથી બહાર રાખવામાં આવ્યું છે. જૂનમાં આરસીબીના આઈપીએલ વિજય ઉજવણી દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં સર્જાયેલી મોટી દુર્ઘટના બાદ, કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન જરૂરી મંજૂરીઓ મેળવવામાં નિષ્ફળ ગયું. બીસીસીઆઈએ આવતા વર્ષે યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપ માટે



અમદાવાદ, દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ અને મુંબઈને શોર્ટલિસ્ટ કર્યા છે. ટુર્નામેન્ટની ફાઈનલ અમદાવાદમાં રમાશે. ૨૦૨૩ના વનડે વર્લ્ડ કપની ફાઈનલ પણ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અમદાવાદમાં રમાઈ હતી, જે વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે જેમાં ૧,૦૦,૦૦૦ થી વધુ દર્શકોની ક્ષમતા છે. તે સમયે આ સ્થળે કુલ ૧૦ મેચ રમાઈ હતી. બેંગાલુરુને આ વખતે પણ ફાઈનલની યાદીમાંથી બહાર રાખવામાં આવ્યું છે. જૂનમાં આરસીબીના આઈપીએલ વિજય ઉજવણી દરમિયાન ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી ભાગદોડમાં સર્જાયેલી મોટી દુર્ઘટના બાદ, કર્ણાટક રાજ્ય ક્રિકેટ એસોસિએશન જરૂરી મંજૂરીઓ મેળવવામાં નિષ્ફળ ગયું. આ ઘટનામાં અગિયાર લોકો મૃત્યુ પામ્યા હતા, અને ત્યારથી સ્ટેડિયમમાં કોઈ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ નથી.

# શ્રીનગરમાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરતા આતંકવાદી હુમલાનો પ્રયાસ નિષ્ફળ

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૭

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સામે નિર્ણાયક પ્રહારમાં, શ્રીનગર પોલીસે ગુરુવારે મોડી રાત્રે કોનાખાન, દાલગેટના મમતા ચોક નજીક ત્રણ લોકોની ધરપકડ કરી. પોલીસે આતંકવાદી હુમલાનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. આ ઘટના નિયમિત વાહન ચેકિંગ દરમિયાન બની હતી જ્યારે કોઈ નોંધણી નંબર વગરની કાળા રોયલ એનફિલ્ડ મોટરસાઈકલને રોકવાનો સંકેત આપવામાં આવ્યો હતો. સવાર અને અન્ય બે મુસાફરોએ ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફરજ પરના સતર્ક અધિકારીઓ દ્વારા તેમને ઝડપથી અટકાવવામાં આવ્યા હતા. પોલીસે ધરપકડ કરેલા ત્રણ શંકાસ્પદોની ઓળખ શાહ મુતયબ (રહે. કુલીપોરા ખાન્યાર), કામરાન હસન શાહ (રહે. કુલીપોરા ખાન્યાર, હાલ કાવા મોહલ્લા, ખાન્યાર) અને



મોહમ્મદ નદીમ (રહે. મેરઠ, હાલ કાવા મોહલ્લા, ખાન્યાર) તરીકે થઈ છે. શોધખોળ દરમિયાન, તેમની પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ અને નવ જીવંત કારતૂસ મળી આવ્યા હતા, જે આયોજિત આતંકવાદી હુમલાની શંકાને પુષ્ટિ આપે છે. ઘટના બાદ, ખાન્યાર પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ, યુએપીએ અને મોટર વાહન કાયદાની કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે ત્રણેય જપ્ત કરાયેલા શસ્ત્રો અને દારૂગોળાનો ઉપયોગ કરીને આતંકવાદી હુમલાની યોજના બનાવી રહ્યા હતા.

# હું આ પ્રદેશના તમામ મહાન વ્યક્તિઓને સલામ કરું છું : મોદી

(એચ.એસ.એલ),ઔરંગાબાદ,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઔરંગાબાદમાં ચૂંટણી રેલીને સંબોધવા માટે મંચ પર પહોંચ્યા હતા. એનડીએના વરિષ્ઠ નેતાઓએ તેમનું સ્વાગત કર્યું. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "હું આ પ્રદેશના તમામ મહાન વ્યક્તિઓને સલામ કરું છું." બિહારમાં મતદાનના પ્રથમ તબક્કાએ બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. બિહારના ઈતિહાસમાં આ સૌથી વધુ મતદાન છે. સવારથી જ આપણી માતાઓ અને બહેનો લાઈનમાં ઉભા હતા. પ્રથમ તબક્કામાં લગભગ ૬૫ ટકા મતદાન નોંધાયું હતું. આ દર્શાવે છે કે યુવાનો, મહિલાઓ અને ખેડૂતો સહિત બિહારના લોકોએ એનડીએ સરકારની વાપસી સુરક્ષિત કરવામાં આગેવાની લીધી છે. મતદાનના પ્રથમ તબક્કાથી સ્પષ્ટ થાય છે કે બિહારના લોકો કોઈપણ કિંમતે જંગલ રાજની



વાપસી થવા દેવા તૈયાર નથી. બિહારના યુવાનો રાજદના ખોટા વચનો પર મતદાન કરી રહ્યા નથી. રાજદએ ખોટા વચનોનો ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કર્યો. કોંગ્રેસ પણ આ વચનોમાં માનતી નથી. મતદાનના પ્રથમ તબક્કાએ પુષ્ટિ આપી છે કે એનડીએ સરકાર આ વખતે ફરીથી સત્તામાં હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એનડીએ સરકારના કાર્યોની યાદી આપી. તેમણે કહ્યું કે મોદીએ રામ મંદિર બનાવવાનું વચન આપ્યું હતું. મંદિર બનાવવામાં આવ્યું. તે ખૂબ જ ધામધૂમથી બનાવવામાં આવ્યું. ૫૦૦ વર્ષનું અધૂરું કામ પૂર્ણ થયું.

# મોહન ભાગવત આજથી બે દિવસ બેંગલુરૂમાં ખાસ વ્યાખ્યાન શ્રેણીને સંબોધિત કરશે


(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) એ ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ વિજયાદશમીના દિવસે તેનું ૧૦૦મું વર્ષ પૂર્ણ કર્યું. શતાબ્દી વર્ષ દરમિયાન, દેશભરમાં વિજયાદશમી ઉજવણી, યુવા પરિષદો, ઘરે ઘરે જઈને સંપર્ક, હિન્દુ સંમેલનો, સામાજિક સંવાદિતા સમાવેશ અને પ્રતિષ્ઠિત નાગરિકો સાથે ચર્ચાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ૧૦૦મા વર્ષમાં, આરએસએસએ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, નીતિ નિર્માતાઓ અને સામાજિક કાર્યકરો સાથે સંવાદ ચાલુ રાખ્યો છે. આ પહેલના ભાગ રૂપે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત ૮ અને ૯ નવેમ્બરના રોજ કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં એક ખાસ વ્યાખ્યાન શ્રેણીને સંબોધિત કરશે. આરએસએસની ૧૦૦ વર્ષની યાત્રાઃ નવા ક્ષિતિજ" શ્રેણીનું બીજુ વ્યાખ્યાન શનિવાર અને રવિવારે બેંગલુરુના બનશંકરીમાં હોસાકરેહલી રિંગ રોડ પર સ્થિત પીઈએસ યુનિવર્સિટીમાં યોજાશે.

# મુંબઈ એરપોર્ટ પર એક જ દિવસમાં ૧૮ કરોડનું ડ્રગ્સ તથા સોનું જપ્ત કરતું કસ્ટમ વિભાગ

મુંબઈ,તા.૭

કસ્ટમ વિભાગે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક જ દિવસમાં ત્રણ અલગ અલગ કામગીરીમાં ડ્રગ્સ અને સોનું જપ્ત કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કામગીરી ૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ફરજ દરમિયાન કરવામાં આવી હતી અને કુલ ત્રણ કેસ નોંધાયા છે. પહેલા કિસ્સામાં, કસ્ટમ અધિકારીઓએ ફ્લાઈટ એસએલ૨૧૮ પર બેંગકોકથી આવતા એક મુસાફરને પકડી લીધો હતો. શોધ દરમિયાન, તેની ટ્રોલી બેગમાં છુપાયેલ હાઈડ્રોપોનિક ગાંજો (ગાંજો) મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે ૫.૯૨ કરોડ હોવાનો અંદાજ છે. અધિકારીના



જણાવ્યા મુજબ, પ્રતિબંધિત પદાર્થ બેગની અંદર હોશિયારીથી છુપાવવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને એનડીપીએસ એક્ટ, ૧૯૮૫ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજા કિસ્સામાં, કસ્ટમ્સે ફ્લાઈટ એઆઈ૨૩૩૮ પર બે મુસાફરોને બેંગકોકથી આવતા અટકાવ્યા હતા. શોધખોળ દરમિયાન, તેમની બેગમાં ચોકલેટ અને ચિપ્સના પેકેટમાંથી ૧૨.૦૧૭ કિલો હાઈડ્રોપોનિક નીંદણ મળી આવ્યું હતું.

# વંદે માતરમ્ ભારતની સ્વતંત્રતાનો અમર મંત્ર બની ગયો છે : યોગી

(એચ.એસ.એલ),લખનૌ,તા.૭

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્વતંત્રતા ચળવળનો મંત્ર બનેલા વંદે માતરમ્‌ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર, પીએમ મોદીએ દેશવાસીઓને આ દિવસને સ્મૃતિ દિવસ તરીકે ઉજવવાની નવી પ્રેરણા આપી. મુખ્યમંત્રીએ કહ્યું કે વંદે માતરમ્ ભારતની સ્વતંત્રતાનો અમર મંત્ર બની ગયો હતો. તે સમયગાળા દરમિયાન વિદેશી સરકારો દ્વારા અસંખ્ય ત્રાસ અને અત્યાચારો છતાં, ભારતના દરેક નાગરિક (સ્વતંત્રતા સેનાનીઓ, ક્રાંતિકારીઓ) ગામડાઓ, નગરોમાં અને સવારે શોભાયાત્રાઓ દ્વારા વંદે માતરમ્ ગીત સાથે ભારતની સામૂહિક ચેતનાને જાગૃત કરવાના અભિયાનમાં જોડાયા હતા.

વંદે માતરમ્‌ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લોકભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભાષણ આપ્યું હતું.

# સુપ્રીમ કોર્ટ આગામી ૧૨ નવેમ્બરે પ્રદૂષણ મુદ્દાની સુનાવણી કરશે

નવીદિલ્હી, તા.૭

દિલ્હી-એનસીઆર ક્ષેત્રમાં વાયુ પ્રદૂષણ સંકટ વધુ ખરાબ થઈ રહ્યું છે. પ્રદેશની હવાની ગુણવત્તા નોંધપાત્ર રીતે બગડી ગઈ છે. આ પરિસ્થિતિ માટે પરાળી બાળવાનું મુખ્ય કારણ ગણાવાઈ રહ્યું છે. હવે, આ મામલે એક મોટો સુધારો સામે આવ્યો છેઃ દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટ, ૧૨ નવેમ્બરે પ્રદૂષણ મુદ્દાની સુનાવણી કરશે. ચાલો જાણીએ કે સુપ્રીમ કોર્ટમાં આ અંગે શું કહેવામાં આવ્યું હતું. દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ સંકટ અંગે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે ૧૨ નવેમ્બરે આ કેસની સુનાવણી કરશે. વકીલે ઉલ્લેખ કર્યો, "એનસીઆરમાં હવાની ગુણવત્તા બગડી રહી છે, કારણ કે કોર્ટ જાણે છે. ૩ નવેમ્બરના રોજ, કોર્ટે કમિશન



અને સીપીસીબીને સોગંદનામું દાખલ કરવાનો નિર્દેશ આપ્યો. આ માટે કોઈ નિશ્ચિત તારીખ નથી. તમારા લોર્ડ્સ સોમવારે તેની યાદી આપી શકે છે, તે તાત્કાલિક છે. અમને ખરેખર ખબર નથી કે શું થઈ રહ્યું છે, અને શહેરની હવા સતત બગડી રહી છે." રાષ્ટ્રીય રાજધાનીની હવાની ગુણવત્તામાં બે દિવસથી સુધારો થયો હતો. જોકે, થોડો સુધારો થયા પછી, ગુરુવારે દિલ્હીની હવાની ગુણવત્તા ફરી બગડી, જે 'ખૂબ જ ખરાબ' શ્રેણીમાં પહોંચી ગઈ.

# બાબા બાગેશ્વર ૧૪૫ કિલોમીટરની પદયાત્રા કરશે : ૧૦ દિવસમાં ત્રણ રાજ્યોમાંથી પસાર થશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭

બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી આચાર્ય ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ શુક્રવારે ૧૦ દિવસની મોટી કૂચ શરૂ કરી. આ યાત્રા ૧૬ નવેમ્બર સુધી ચાલશે અને દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશના વિસ્તારોમાંથી પસાર થશે. બાબા બાગેશ્વરના જણાવ્યા મુજબ, આ ૧૪૫ કિલોમીટરની પદયાત્રા હિન્દુઓમાં એકતા લાવવા, જાતિવાદનો અંત લાવવા અને દેશભક્તિનો સંદેશ ફેલાવવા માટે કાઢવામાં આવી રહી છે. એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યું, "૭ નવેમ્બરથી ૧૬ નવેમ્બર સુધી, અમે ત્રણ રાજ્યોઃ દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાંથી પ્રવાસ કરી રહ્યા છીએ. આ અમારા જીવનની બીજી પદયાત્રા છે. અમે ફક્ત હિન્દુઓને



જાગૃત કરવા માંગીએ છીએ. અમે જાતિવાદ અને ભેદભાવને તેના મૂળમાંથી નાબૂદ કરવા માંગીએ છીએ."

બાબા બાગેશ્વરે કહ્યું, 'દેશને જાતિવાદની નહીં, રાષ્ટ્રવાદની જરૂર છે. આપણા હિન્દુ બાળકો અને તમારા બાળકો સુરક્ષિત હોવા જોઈએ, દેશનું ઈસ્લામીકરણ ન થવું જોઈએ. દેશમાં કોઈ રમખાણો ન થવા જોઈએ, અને ગંગા ફેલાવી જોઈએ. એટલા માટે અમે આ પદયાત્રા કરી રહ્યા છીએ. અમે હિન્દુઓ માટે લડી રહ્યા છીએ."

# વંદે માતરમ્‌માંથી નહેરૂએ દેવી દુર્ગા પરના શ્લોકો જાણી જોઈને દૂર કર્યા : ભાજપ નેતા સીઆર કેશવ

નવીદિલ્હી,તા.૭

નેહરુએ વંદે માતરમ્‌માંથી દેવી દુર્ગા પરના શ્લોકો જાણી જોઈને દૂર કર્યા. આ દાવો ભાજપના નેતા સીઆર કેશવે કર્યો છે. ૮૯ વર્ષ પહેલાં મહારાષ્ટ્રના ફૈઝપુરમાં આયોજિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ફૈઝપુર અધિવેશનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે



કોંગ્રેસ પાર્ટીએ દેશના રાષ્ટ્રીય ગીત વંદે માતરમ્‌માં જાણી જોઈને ફેરફાર કર્યા હતા. કેશવના મતે, ૧૯૩૭માં, જવાહરલાલ નેહરુના નેતૃત્વમાં, વંદે માતરમ્‌માંથી દેવી દુર્ગાની પ્રશંસા કરતી શ્લોકો દૂર કરવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટીએ ચોક્કસ સાંપ્રદાયિક જૂથોને ખુશ કરવા માટે આ નિર્ણય લીધો હતો.

# ૧૯ દિવસ પહેલા રશિયામાં ગુમ થયેલ રાજસ્થાનના યુવાનનો મૃતદેહ ડેમમાંથી મળ્યો

અલવર,તા.૭

રશિયામાં ગુમ ભારતીય વિદ્યાર્થી અજિત સિંહ ચૌધરીનું મૃત્યુ થયું છે. અજિત ૧૯ દિવસ પહેલા ગુમ થયો હતો. વિદેશ મંત્રાલયે અજિતના મૃતદેહને ભારત લાવવાના પ્રયાસો તેજ કર્યા છે. અજિત ૨૦૨૩ થી રશિયાના ઉફામાં બશ્કીર સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો હતો. રાજસ્થાનના અલવરનો રહેવાસી અજિત ચૌધરી ૧૯ ઓક્ટોબરના રોજ સવારે ૧૧ વાગ્યાની આસપાસ દૂધ ખરીદવા માટે હોસ્ટેલ છોડીને નીકળ્યો હતો. રશિયામાં ભારતીય દૂતાવાસે પરિવારને જાણ કરી છે કે ગુમ થયેલા વિદ્યાર્થી અજિત ચૌધરીનો મૃતદેહ ડેમમાંથી મળી આવ્યો છે. અજિત સાથે અભ્યાસ કરતા અન્ય વિદ્યાર્થીઓ દ્વારા મૃતદેહની ઓળખ કરવામાં આવી છે.

# પખ્તુનખ્વાના બાજૈર જિલ્લામાં રહેવાસીઓએ સેના પર ઘરો અને મસ્જિદો પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૭

પાકિસ્તાનના બે અલગ અલગ વિસ્તારોમાંથી સતત અહેવાલોએ સેનાની કામગીરી પર પ્રશ્નો ઉભા કર્યા છે. ખૈબર પખ્તુનખ્વાના બાજૌર જિલ્લામાં, રહેવાસીઓએ સેના પર ઘરો અને મસ્જિદો પર ભારે હથિયારોથી ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો છે. દરમિયાન, બલુચિસ્તાનના કેચ



જિલ્લામાં, વધુ ચાર લોકોનું "અપહરણ, હત્યા અને તેમના મૃતદેહ ફેંકી દેવાયા" હોવાના અહેવાલ છે. બંને સ્થળોએ, લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા અને મોટા વિરોધ પ્રદર્શનો કર્યા.

ખૈબર પખ્તુનખ્વાના બાજૌરમાં ખાર તહસીલના કોસર વિસ્તારમાં સેનાએ ભારે હથિયારોથી ગોળીબાર કર્યો. અનેક ઘરો અને મસ્જિદોને નુકસાન થયું, જેના કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો ભયભીત થઈ ગયા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી મારા ખાસ મિત્ર, હું ટૂંક સમયમાં ભારત આવીશ : ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૭

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લાંબા સમયથી ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના મિત્ર ગણાવે છે. હવે, ટ્રમ્પે ફરી એકવાર પીએમ મોદીને મિત્ર અને મહાન માણસ ગણાવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેઓ ટૂંક સમયમાં ભારતની મુલાકાત લેશે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ ૨૦૨૦માં તેમના પ્રહેલા રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ભારતની મુલાકાત લીધી હતી.

ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વેપાર વાટાઘાટો ચાલી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સે ભારતીય માલ પર ૨૫ ટકા ટેરિફ અને તેલ ખરીદવા માટે રશિયા પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. આ મુદ્દા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વેપાર કરારોની વાટાઘાટોના પ્રશ્ન અંગે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "તેઓ સારું કરી રહ્યા છે; તેમણે મોટાભાગે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરી દીધું છે."



યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "તેઓ મારા મિત્ર છે, અને અમે વાત કરીએ છીએ, અને તેઓ ઈચ્છે છે કે હું ત્યાં જાઉં." આપણે સમજી લઈશું, હું જઈશ... વડાપ્રધાન મોદી એક મહાન માણસ છે, અને હું જઈશ." આવતા વર્ષે ભારતની મુલાકાત લેવાની તેમની યોજના પર, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "એવું થઈ શકે છે, હા." અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને રોકવા માટે પોતાને શ્રેય આપ્યો. ટ્રમ્પે દાવો કર્યો કે ભારત અને પાકિસ્તાન બે પરમાણુ રાષ્ટ્રો છે. "૨૪ કલાકની અંદર, મેં યુદ્ધનો ઉકેલ લાવી દીધો."

# અભિષેક શર્માએ ટી-૨૦માં ઓપનર તરીકે ૨૫ ઈનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો

મુંબઈ,તા.૭

અભિષેક શર્માએ ૨૫ ઈનિંગ્સ પછી ઓપનર તરીકે ટી ૨૦માં સૌથી વધુ છગ્ગા મારવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. અભિષેક શર્માએ ૨૫ ઈનિંગ્સમાં ટી ૨૦માં સૌથી વધુ છગ્ગા મારવાનો વિશ્વ રેકોર્ડ બનાવ્યો. અભિષેક શર્માએ ૨૫ ઈનિંગ્સમાં કુલ ૬૪ છગ્ગા ફટકાર્યા, જે વેસ્ટ ઈન્ડીઝના એવિન લુઈસના રેકોર્ડને તોડી નાખ્યો. અભિષેકે કુલ ૨૭ ટી ૨૦ ઈનિંગ્સ રમી છે, જેમાં ૨૫ ઓપનર તરીકે અને બે ત્રીજા નંબર પર છે. ભારતે ચોથી ટી ૨૦માં ઓસ્ટ્રેલિયાને ૪૮ રનથી હરાવ્યું. જોકે અભિષેક શર્મા આ મેચમાં ફક્ત ૨૮ રન જ બનાવી શક્યો, પરંતુ તેની ઈનિંગ્સમાં એક છગ્ગો ફટકારીને, અભિષેકે ઓપનર તરીકે ટી ૨૦માં વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. અભિષેક શર્મા ઓપનર તરીકે ૨૫ ઈનિંગ્સમાં સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન બન્યો છે. ઓપનર તરીકે, અભિષેકે ૨૫ ઈનિંગ્સમાં ટી ૨૦માં કુલ ૬૪ છગ્ગા ફટકાર્યા છે. વેસ્ટ ઈન્ડીઝના



એવિન લુઈસે તેની ૨૫ ટી ૨૦ ઈનિંગ્સમાં કુલ ૬૦ છગ્ગા ફટકાર્યા છે.

ઓપનર તરીકે ૨૫ ઈનિંગ્સમાં સૌથી વધુ ટી ૨૦ છગ્ગા મારનારા બેટ્સમેન


૬૪: અભિષેક શર્મા
૬૦: એવિન લુઈસ
૫૮: કોલિન મુનરો
૫૪: હઝરતુલ્લાહ ઝાઝાઈ
૫૧: ક્રિસ ગેલ
૪૭: કેએલ રાહુલ
૪૩: ટ્રેવિસ હેડ

એકંદરે, અભિષેકે તેની ટી ૨૦ કારકિર્દીમાં ૨૭ ઈનિંગ્સ રમી છે, જેમાં ઓપનર તરીકે ૨૫ અને નંબર ૩ પર બે નંબર પરનો સમાવેશ થાય છે.

# રાજ્યસરકારના મંત્રીમંડળના વિસ્તરણને ત્રણ સપ્તાહ વિત્યા બાદ પણ અનેક મંત્રીઓ નવરા

ગાંધીનગર,તા.૭

ગુજરાત સરકારના મંત્રીમંડળના વિસ્તરણને ત્રણ સપ્તાહ વીતી ગયા હોવા છતાં, દોઢ ડઝન જેટલા મંત્રીઓ હાલમાં નવરાધૂપ છે. કાયમી મદદનીશ, અંગત સચિવ સહિતના જરૂરી ઓફિસ સ્ટાફના અભાવે આ મંત્રીઓ પોતાને ફાળવવામાં આવેલા વિભાગોની સક્રિય કામગીરીથી અળગા રહ્યા છે. સ્થિતિ તો એવી છે કે, આ અધિકાંશ નવા



મંત્રીઓને હજી સુધી મંત્રી તરીકેની કામગીરીનું ટ્યુશન પણ મળ્યું નથી. આ દરમિયાન, રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. આગામી ૨૭મી નવેમ્બરથી વલસાડના ધરમપુર ખાતે ત્રણ દિવસીય ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં મંત્રીપરિષદ સહિત ૨૧૧ આઈએએસ અધિકારીઓ સામેલ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ૨૭ થી ૨૯મી નવેમ્બર દરમિયાન શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર ખાતે યોજનારી આ ગુજરાત સરકારની ૧૨મી ચિંતન શિબિરમાં તમામ મંત્રીમંડળના સભ્યો, મુખ્યમંત્રી કાર્યાલયના સચિવો, મુખ્ય સચિવ, જિલ્લા કલેક્ટરો અને વિકાસ અધિકારીઓ ભાગ લેશે.

# હવામાન વિભાગની આગાહી : રાજ્યમાં ઠંડીમાં ધીમે-ધીમે વધારો થવાની શક્યતા

અમદાવાદ,તા.૭

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા કમોસમી વરસાદથી રાજ્યને આખરે રાહત મળી છે. વરસાદી સિસ્ટમ દૂર થતાં ગુજરાતના હવામાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે અને ઠંડીમાં ધીમે ધીમે વધારો થવાની ધારણા છે. હવામાન વિભાગની આગાહી



મુજબ, આગામી દિવસોમાં રાજ્યભરમાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે, જે શિયાળાની ઋતુના આગમનનો સંકેત આપે છે. રાજ્યમાં હંમેશની જેમ સૌથી ઓછું તાપમાન કચ્છના નલિયામાં ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે તેને સૌથી ઠંડુ સ્થળ બનાવ્યું હતું. આ સાથે, ગુજરાતના કુલ ૭ જિલ્લામાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી ગયું છે, જે શિયાળાના આગમનના સ્પષ્ટ સંકેત આપે છે.

**નલિયામાં તાપમાન ૧૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું**

# જસદણના કનેશરા ખડવાવડી ખાતે અકસ્માતમાં બેનાં મોત નિપજ્યાં

રાજકોટ,તા.૭

રાજકોટમાં જસદણના કનેશરા ખડવાવડી ખાતે થયેલા અકસ્માતમાં બેનાં મોત થયા છે. કાર વીજપોલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કારમાં સવાર બે લોકોના મોત નિપજ્યા હતા. કારમાં સવાર સામંત મકવાણા અને સંજય પલાળિયા નામના શખ્સનું મોત થયું હતું. અકસ્માત થયા પછી કાર વીજપોલને અથડાઈને એટલી દબાઈ ગઈ હતી કે કારના તૂટેલા ભાગો દૂર કરીને મૃતદેહ બહાર કાઢવા પડ્યા હતા. બંને મૃતક જસદણના ખડવાવડી ગામના રહેવાસી હતી. અકસ્માતની ઘટના બનવાના પગલે સ્થાનિકો તરત જ દોડી આવ્યા હતા. સ્થાનિકોને અકસ્માત જોઈને જ લાગ્યું હતું કે આમા તો બચવું જ અશક્ય છે. કારનો એકદમ કચ્ચરઘાણ નીકળી ગયો હતો. કાર વળીને બુકડો બની ગઈ હતી. આના પરથી જ જણાઈ આવે છે કે કાર કેટલી ઝડપે આવતી હતી. અકસ્માત સ્થળે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. સ્થાનિકોએ તરત જ એમ્બ્યુલન્સ અને સ્થાનિક પોલીસને જાણ કરી હતી.

# ઓખાની ફિશીંગ બોટ સહિત ૭ ખલાસીઓનું પાકિસ્તાન મરીન સિક્યુરિટી દ્વારા અપહરણ

ઓખા,તા.૦૭

પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સી (PMSA)એ ફરી એકવાર ભારતીય માછીમારોનું અપહરણ કરવાની નાપાક હરકત કરી છે. અરબ સાગરમાં ભારતીય જળ સરહદ નજીક માછીમારી કરી રહેલી ઓખાની એક ફિશિંગ બોટનું તેના ૮ ક્રૂ મેમ્બર્સ સાથે અપહરણ કરાયું છે. આ ઘટના પોરબંદરની દરિયાઈ હદમાં આંતરરાષ્ટ્રીય જળ



સરહદ નજીક બની હતી. મળતી વિગતો મુજબ અપહરણ કરાયેલી આ ફિશિંગ બોટ ઓખા પોર્ટની હોવાનું જાણવા મળ્યું છે. જો કે, બોટ પર સવાર તમામ ૮ માછીમારો ગીર સોમનાથ જિલ્લાના હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ માછીમારો મારવાડની એક બોટ પર સવાર થઈને અરબ સાગરમાં પોરબંદર નજીક પોતાની રોજીરોટી માટે માછીમારી કરી રહ્યા હતા. તે જ સમયે પાકિસ્તાન મરીન સિક્યુરિટી એજન્સીના જવાનોએ ત્યાં ઘૂસણખોરી કરી ભારતીય બોટને આંતરી હતી અને બળજબરીથી બોટ તેમજ તેમાં સવાર તમામ ૮ માછીમારોનું અપહરણ કરીને તેમને પાકિસ્તાન તરફ લઈ ગયા હતા.

# સૈનિક તરીકે સેવા આપતા જૂનાગઢના યુવાન અમિત ધોળકીયા બીમારી બાદ શહીદ થયા

જૂનાગઢ,તા.૭

ભારતીય સેનામાં સિગ્નલ કંપનીમાં પાછલા ૨૩ વર્ષથી સૈનિક તરીકે સેવા આપતા અમિત ધોળકીયા બીમારી બાદ શહીદ થતા, તેમના મૃતદેહને દિલ્હીથી જૂનાગઢ ખાતે લવાયો હતો. અહીં પુરા રાજકીય સન્માન સાથે શહીદ અમિત ધોળકીયાના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. શહીદ અમિત ધોળકીયાની સ્મશાનયાત્રા જૂનાગઢ શહેરના માર્ગો પર ફરીને સોનાપુરી સ્મશાન ખાતે આવી પહોંચતા, અહીં પણ હજારોની સંખ્યામાં લોકોએ શહીદ અમિત ધોળકીયાને અંતિમ સલામી સાથે વિદાય આપી હતી. જૂનાગઢના વીર સપુત અમિત ધોળકીયા પાછલા ૨૩ વર્ષથી ભારતીય સેનામાં સુબેદાર તરીકે ફરજ બજાવતા હતા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના દિવસે અમિત ધોળકીયા ભારતીય સેનામાં ૨૪ વર્ષની યશસ્વી સૈનિક સફર પૂરી કરીને નિવૃત્ત થનાર હતા, પરંતુ લદાખ કારગીલ સરહદ પર તેમના પોસ્ટિંગ દરમિયાન ફેફસામાં થયેલા ઈન્ફેક્શનને કારણે તેને દિલ્હી ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

# કચ્છના કપુરાશીમાં સિનિયર પોલીસ અધિકારીઓ સાથે સરહદી ગામોમાં હર્ષ સંઘવીનો ‘સભા સંવાદ’

ભુજ,તા.૭

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ભારત-પાકિસ્તાન સરહદી ગામોની સીમાવર્તી સમીક્ષા, સામાજિક-આર્થિક સ્થિતિ અને રહેણીકરણી સહિતની વિવિધ બાબતોથી અવગત થવા તેમજ ''સરકાર આપને દ્વાર''ના ધ્યેયમંત્રને ચરિતાર્થ કરવા માટે કચ્છની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન તેઓ કચ્છના લખપત તાલુકાના કપુરાશી ગામ ખાતે કપુરાશી અને કોરિયાણી ગ્રામજનો સાથે સંવાદ કરીને ‘ખાટલા બેઠક’માં સહભાગી થયા હતા. કપુરાશી ગામમાં યોજાયેલી આ ખાટલા સભાને સંબોધતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને કારણે કચ્છ જિલ્લાના આંતરરાષ્ટ્રીય સરહદ પરના આ ગામડાઓ લાભાન્વિત બન્યા છે. તેમણે નોંધ્યું હતું કે કલ્યાણકારી યોજનાઓના અમલથી કચ્છમાં પરિસ્થિતિ બદલાઈ છે અને લોકોના જીવનમાં આર્થિક-સામાજિક પરિવર્તન આવ્યું છે. સંઘવીએ ઉમેર્યું હતું કે, સરહદી ગામોનો વિકાસ કેવી રીતે કરી શકાય તે ઉદ્દેશ સાથે ૩૦થી વધુ સિનિયર પોલીસ અધિકારીઓ સરહદી ગામોમાં સભા સંવાદ યોજીને નાગરિકોની સમસ્યાઓથી અવગત થયા છે.





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

“હર ઘર સ્વદેશી,
ઘર-ઘર સ્વદેશી”

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિ
જનજાતીય ગૌરવ વર્ષ
અંતરિયાળ વિસ્તારથી મુખ્યધારા સુધી
માળખાકીય સવલતો દ્વારા વિકાસને વેગ



પાકા રસ્તા, સિંચાઈ અને વીજળીકરણ જેવી પાયાની સવલતો થકી
આદિજાતિ સમુદાયના જીવનમાં સમૃદ્ધિનો નવો અધ્યાય

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજના દ્વારા આદિવાસી સમુદાયનું સામાજિક અને આર્થિક ઉત્થાન

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ માળખાકીય સગવડો ઊભી કરીને આદિજાતિ વિકાસને આપ્યો વેગ



માળખાકીય વિકાસની મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ (વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫):

- આદિજાતિ વિસ્તારોમાં મોટી ઉદ્‌વહન પાઈપલાઈન યોજનાઓમાં અંદાજિત ₹ ૨,૯૦૩.૩૧ કરોડનાં ૧૦ કામો પૂર્ણ તથા ₹ ૨,૨૧૧.૬૧ કરોડના ૯ કામો પ્રગતિ હેઠળ
- આદિજાતિ વિસ્તારોમાં અંદાજિત ₹ ૪,૦૯૮.૬૨ કરોડના ખર્ચ થકી ૪,૬૭૯ રસ્તા તથા પુલનાં કામો પૂર્ણ
- આદર્શ નિવાસી શાળાઓમાં (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) અંદાજિત ₹ ૧૧૦૮ કરોડના ખર્ચે કુલ ૩૪ નવાં ભવનોનું નિર્માણ, અંદાજિત ૧૦,૦૦૦ આદિજાતિ વિદ્યાર્થીઓને લાભ
- સરકારી છાત્રાલયો માટે (૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬) અંદાજિત ₹ ૭૯૦ કરોડના ખર્ચે કુલ ૫૮ નવાં ભવનોનું નિર્માણ, અંદાજિત ૧૦,૮૫૦ આદિજાતિ વિદ્યાર્થીઓને લાભ
- એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, GLRS, મૉડેલ ડે શાળા, સૈનિક સ્કૂલ સહિતની ૨૯ શાળાઓના નિર્માણ માટે અંદાજિત ₹ ૪૦૧.૩૫ કરોડનો ખર્ચ
- આદિજાતિ વિસ્તારોના તમામ મહેસૂલી ગામોને પાકા રસ્તાના જોડાણથી આવરી લેવાયા

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર